# સહજ-સત્સંગ

અંક : ૨૮૦ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા એપ્રિલ - ૨૦૧૨




## મહાકાળેશ્વર

(ઉજ્જૈન - મધ્યપ્રદેશ)



## મા મીરાંબિકા

Always do your best and the soul will
take care of the results

- The Mother

### ફળાસક્તિનો ત્યાગ

ભાવાનુવાદ

પોતાથી જે ઉત્તમ ગણો, તે રીતે તે કાર્ય કરો,
તેમાં પૂર્ણતાને શ્રદ્ધા સાથે, કરણ-ભાવ કેળવો.
પ્રભુ આયોજન નત મસ્તકે, સ્વીકારો ધૃતિ ધરો,
પરિણામો પ્રભુ ચરણે ધરી, જીવન નિશ્ચિત કૃતાર્થ કરો.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૩-૪ ઑગસ્ટ ૧૯૧૪)



તૈયારી અને કામ, કામ અને તૈયારી..... એ બેનું જે સંયોજન બને છે તેમાંથી પૃથ્વી પરનું તારું દિવ્ય-જીવન રચવા પામે છે.... (તે પછી) તારા કરણને સંપૂર્ણ કરવું અને તેનો ઉપયોગ કરવો એ એકીસાથે બનતું રહે છે. કોઈક વાર તારી ઈચ્છા હોય છે કે..... જુદાં જુદાં જગતો સાથે સભાન સંબંધોમાં આવવાની પોતાની શક્તિ વિકસાવવી જોઈએ, અને કેટલીકવાર.... પોતાને વિષેની સભાનતાને વિસર્જી દઈને, તારી કર્મમાં ઊતરેલી શક્તિરૂપે જ માત્ર બની રહેવું જોઈએ. (૩-૮-૧૯૧૪)

આજે મનુષ્યો, વિવિધ બળોના સંઘર્ષથી ધકેલાતા..... એક લોહી નીંગળતા મહાયજ્ઞમાં પોતાના જીવન હોમી રહ્યાં છે..... આ બલિદાનો વ્યર્થ ન જશો. અમે પ્રાર્થીએ છીએ કે તારી દિવ્ય-શક્તિની અખૂટ મહાધારાઓ પૃથ્વી ઉપર સર્વત્ર ફેલાઈ જાઓ..... તારા જ્ઞાનનો વિશુદ્ધ પ્રકાશ અને તારી કરુણાનો અખૂટ પ્રેમ માનવોના હૃદયને ભરી દિયો.....

હું તારા સમક્ષ એક સર્વરૂપ બલિદાન બનીને ઊભી છું. મારું એ બલિદાન માનવજાતિનાં આ અભાન બલિદાનને સાર્થક કરો. પ્રભુ...... આવો.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (કર્મ અને પ્રગતિ સાથે સાથે) | ૧ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ |
| **માતૃવાણી** (દેવોનું અસ્તિત્વ) | ૯ |
| **સાવિત્રી** (અભીપ્સાનો સંઘર્ષ) | ૧૪ |
| **યોગ વિષે પત્રો** (ગીતા, તંત્ર અને શ્રી અરવિન્દ) | ૧૭ |
| **વેદવિજ્ઞાન** (જીવનયજ્ઞની સાર્થકતા અને મર્યાદા) | ૨૨ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (માયાવાદ અને નિર્વાણ) | ૨૨ |
| **યોગ પર દીપ્તિઓ** (નૂતન જગત) | ૨૫ |
| **વેદનું રહસ્ય** (વેદની શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની પદ્ધતિ) | ૨૮ |
| **ઉપનિષદોનું અમૃત** (સાચો બ્રાહ્મણ) | ૩૪ |
| **આત્મસિદ્ધિ** (માનવી અને દૈવી-પૂર્ણતા) | ૩૫ |
| **સર્વાંગી આરોગ્ય** (ગ્રહણશીલતામાં સુધારો) | ૩૮ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સત્ય-ચેતનામાં માનવી-સમજણો ખરી પડે છે) | ૪૧ |
| **સુંદર કથાઓ** (જ્ઞાનીની નમ્રતા) | ૪૩ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (પુસ્તકોમાંથી માર્ગદર્શન મેળવવાની પદ્ધતિ) | ૪૪ |
| **સાંજના વાર્તાલાપો** (દિલની સચ્ચાઇ (ચૈતસિક-જાગૃતિ) | ૪૫ |
| **શ્રી માતાજી પુદુચેરી આગમન-દિન** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૮૦ વર્ષ : ૨૪
એપ્રિલ - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'** ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# કર્મ અને પ્રગતિ સાથે સાથે

(પૃ.૧૬૦-૧૬૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માણસ કોઇ કામ માટે તૈયારી કરે છે અને પછી તે કામ કરે છે. આ રીતે તૈયારી અને કામના વારાફરતા તબક્કા રચાય છે પણ સાધનામાં તૈયારી અને કામ બન્ને એક જ ઘટનાનાં બે પાસાં બની જાય છે. તમે પ્રભુપ્રાપ્તિ માટે પોતાને આંતરિક રીતે તૈયાર કરો છો એ જ સાધનાનું કાર્ય બની જાય છે. આવી રીતે બન્નેના સંયોગ દ્વારા સાધના કરવાથી જ આ ભૌતિક-વિશ્વમાં પ્રભુને અપેક્ષિત દિવ્ય જીવન રચાવાનું છે.

આવી રીતે શરીરરૂપી કરણને પૂર્ણ કરવું અને તેનો ઉપયોગ કરવો એ સાથે સાથે થવા માંડે છે.

માતાજી જણાવે છે કે પ્રભુ સાધક પાસે બે રીતે માનવને ખીલવવા પ્રયત્ન કરે છે : (૧) જુદીજુદી કક્ષાના સૂક્ષ્મ જગતો સાથે તેનો સંબંધ સ્થાપી તે જગતોમાં નિર્ભયરીતે કેવી રીતે કાર્ય કરવું એ શીખવવામાં આવે છે. (૨) કોઈ વખતે એ બધું પડતું મૂકીને ભૌતિક-જગતમાં પ્રભુએ સોંપેલાં કાર્યને પાર પાડવામાં એકાગ્ર થઈને પોતાની ઉપર મુજબની આંતરિક વિકાસની પ્રક્રિયાને ભૂલી જવાની હોય છે.

આ બન્ને રીતે પ્રભુ માનવને ઘડતો હોય છે.

આજની પ્રર્વતમાન સ્થિતિ છે તેમાં તો પ્રથમ મહાયુદ્ધને લીધે નરસંહાર થઇ અનેક શક્તિઓની અથડામણ સર્જાઇ છે અને તે અનુસાર માનવો પણ જીવનમાં ધકેલાતા હોય છે. આ ઘટના કાંઈ નિરર્થક નથી બની રહી. અનેક માણસોનું બલિદાન વ્યર્થ જવાનું નથી. વર્તમાન જીવન પ્રણાલી લોકોને ક્યાં લઇ જાય છે તે પ્રભુ દર્શાવી રહ્યાં છે. જીવન પ્રણાલીને જ બદલવાની જરૂર છે

(અનુ.પાના. નં.૩૩ ઉપર)

# શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય

- જ્યોતિબહેન થાનકી

૧૯૧૦ થી ૧૯૧૪ સુધીના ગાળામાં એકાંત સાધના દ્વારા શ્રી અરવિન્દે જે આધ્યાત્મિક જ્ઞાનભંડાર પ્રાપ્ત કર્યો હતો એ જ્ઞાન સમગ્ર જગતને માટે સુલભ બનાવવાનું કાર્ય શ્રી માતાજીએ કર્યું. શ્રી અરવિન્દ યુગપરિવર્તનની જે મહાન સાધના કરી રહ્યા છે, તેની જાણકારી સમગ્ર વિશ્વને હવે થવી જોઈએ એમ જણાતાં તેમણે શ્રી અરવિન્દના જ્ઞાનભંડારને વ્યક્ત કરવા માટે એક માસિક પ્રગટ કરવાની યોજના બનાવી. એ માટે શ્રી અરવિન્દની સંમતિ લઇને 'આર્ય' નામનું માસિક પંદરમી ઑગસ્ટ શ્રી અરવિન્દના જન્મદિવસે પ્રકાશિત કર્યું. શ્રી અરવિન્દે પોતે 'આર્ય' વિષે જણાવ્યું હતું કે ''આર્ય'' એ મારા જગત માટેના કાર્યની બૌદ્ધિક બાજુ બનશે.

શ્રી અરવિન્દે સાધના દ્વારા જે સત્યો, રહસ્યોનો તાગ મેળવ્યો, અધ્યાત્મની જે ગહન અનુભૂતિઓ કરી, એ બધાનું જ્ઞાન, આર્ય દ્વારા જ જગતને પ્રાપ્ત થયું. જો 'આર્ય' માસિક પ્રગટ ન થયું હોત તો શ્રી અરવિન્દનું અગાધ જ્ઞાન કદાચ આ રીતે ગ્રંથોમાં સુલભ ન બન્યું હોત શ્રી અરવિન્દના મહાન ગ્રંથો - યોગ સમન્વય, દિવ્યજીવન, વેદરહસ્ય, માનવ એકતાનો આદર્શ, માનવ વિકાસ ચક્ર, ગીતા નિબંધો વેદ રહસ્ય, ઉપનિષદો આ બધા આર્ય દ્વારા જ પ્રાત થઈ શક્યા છે. એ માટે સમગ્ર માનવજાત શ્રીમાતાજીની ઋણી રહેશે.

'આર્ય'ના પ્રકાશન અંગેની સઘળી જવાબદારી શ્રી માતાજીએ ઉઠાવી હતી. પોતે 'આર્ય'ના ગ્રાહકોની યાદી બનાવતાં. શરૂઆતમાં 'આર્ય'ના જે બસ્સો ગ્રાહકો હતા તેની નોંધ શ્રી માતાજીના સ્વ-હસ્તાક્ષરોમાં જોવા મળે છે. આર્યનો સઘળો હિસાબ તેઓ જ લખતાં. તેના છાપકામની વ્યવસ્થા પણ તેઓ જ કરતાં. આર્યની ઑફિસ શ્રી માતાજી જ્યાં રહેતાં હતાં એ ઘરમાં જ રાખવામાં આવી હતી. શરૂઆતમાં 'આર્ય' અંગ્રેજી અને ફ્રેન્ચ બે ભાષામાં પ્રગટ થતું હતું. શ્રી માતાજી અને એમના પતિ રિશાર ફ્રેન્ચ આવૃત્તિ સંભાળતા હતાં. સાત મહિના સુધી તો શ્રી માતાજીના હસ્તક આર્ય પ્રકાશિત થતું રહ્યું. પણ પછી પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં

એમને ફ્રાન્સના કાયદા અનુસાર પૅરિસ પાછા જવાનું થતાં 'આર્ય'નો સમગ્ર બોજો એકલા શ્રી અરવિન્દ પર આવી પડ્યો. તેથી ફ્રેન્ચ આવૃત્તિ બંધ થઇ પણ અંગ્રેજી આવૃત્તિ ૧૯૨૧ સુધી ચાલુ રહી. તેમાં શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનને વહાવતાં અનેક પુસ્તકો એકસાથે પ્રગટ થતાં રહ્યાં. તેના પરિણામે લોકોને શ્રી અરવિન્દનો સાચો પરિચય મળ્યો કે તેઓ બ્રિટિશ સરકારની ધરપકડથી નાસીને પોંડિચેરીમાં છુપાઈ ગયેલા રાજકીય નેતા નથી, પણ તેઓ તો છે આધ્યાત્મિક જગતના નેતા કે જેમના દ્વારા દિવ્ય માનવજાતિના આગમનની ભૂમિકા રચાઇ રહી છે !

**શ્રી અરવિન્દની કાળજીભરી સંભાળ :**

માનવજાતિને જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુનાં બંધનો અને દુ:ખોમાંથી મુક્ત કરવા માટે શ્રી અરવિન્દની સાધના હતી. મનની ચેતનાવાળી દુ:ખોથી ત્રસ્ત માનવજાતિને પરમાત્માની પૂર્ણ ચેતનાથી સભર અમૃતત્વવાળી દિવ્ય માનવજાતિમાં પલટાવવા માટે જે દેહ દ્વારા આ સાધના થઈ રહી છે, તે દેહની ખૂબ જ કાળજીભરી સંભાળ રાખવાની જરૂર હતી. એમની પ્રત્યેક જરૂરિયાતોનું બરાબર ધ્યાન રાખવાની જરૂર હતી. શ્રી માતાજીએ જોયું કે શ્રી અરવિન્દ એમના શિષ્યોની સાથે સમાન રીતે જ રહેતા હતા. ભયંકર આર્થિક તંગીના દિવસોમાં એમના શિષ્યો વારાફરતી રસોઇ બનાવતા અને રસોઈમાં પણ ભારે કરકસર કરવી પડતી. શ્રી અરવિન્દના શિષ્ય મોતીલાલ રૉયે લખ્યું છે કે ''આ ગાળામાં શ્રી અરવિન્દના રસોડામાં લૂચી (પૂરી) કે ખીચડી કદી રંધાઇ ન હતી કેમ કે એ માટેના પૈસા જ નહોતા.'' ઘરમાં કંઇ સરસામાન પણ નહોતો. એક ટેબલ ને બે ખુરશી. એમાં ટેબલ શ્રી અરવિન્દ લખવા માટે વાપરતા. એક બીજી ખુરશી મહેમાન માટે વપરાતી. એકથી વધારે મુલાકાતી હોય તો તેમને નીચે બેસાડવા પડતા. સૂવા માટે એક બાજુથી ફાટેલો એક કૅમ્પકોટ હતો. જેની સારી બાજુએ સાચવીને શ્રી અરવિન્દ સૂઇ જતા. એમના શિષ્યો નીચે ભોંયપથારી પર સૂઇ જતા. રાતે અજવાળા માટે બે દીવા હતા - એક કેરોસીનનો અને એક મીણબત્તીનો. એક રસોડા માટે અને બીજો શ્રી અરવિન્દ માટે. એમાંય જરૂર પડતાં રસોડામાં બીજો દીવો લઇ જાય ત્યારે શ્રી અરવિન્દ અંધારામાં બેસી રહેતા. ન્હાવા માટે ખુલ્લામાં નળ હતો. બધા વારાફરતી ન્હાઇ લેતા અને બધા વચ્ચે એક જ ટુવાલ હતો. શ્રી અરવિન્દ પણ ખુલ્લામાં છેલ્લે ન્હાતા અને બધાએ વાપરેલા ભીના ટુવાલથી શરીર લૂછતા ! શિષ્યો જે કંઇ રસોઈ બનાવતા એ તેઓ આનંદથી જમી લેતા ! કોઇ વખત ભોજન સ્વાદિષ્ટ હોય તો કોઇ વખત બેસ્વાદ પણ હોય. ક્યારેક ગરમ હોય,

ક્યારેક ઠંડું થઈ ગયું હોય, ક્યારેક વધારે, ક્યારેક ઓછું; બધું આનંદપૂર્વક સ્વીકારી લેતા. તેમણે તેમના શિષ્યોને સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષી હતી, એટલે શિષ્યો એમના સાન્નિધ્યમાં પોતાની મસ્તી મોજમાં આનંદથી રહેતા હતા અને શ્રી અરવિન્દ એમની સાથે હતા એટલે એમને કોઈ પરિસ્થિતિ સ્પર્શતી જ નહોતી, કેમ કે તેઓ તો યુગપરિવર્તનની મહાન સાધનામાં જ એકાગ્ર હતા.

હવે શ્રી માતાજી આવ્યાં અને પરિસ્થિતિમાં પરિવર્તન કરવાની જરૂર ઊભી થઈ. પણ એ પહેલાં જ્યારે શ્રી અરવિન્દે શિષ્યોને કહ્યું કે શ્રી માતાજી હવે કાયમ માટે આપણી સાથે રહેવા આવવાનાં છે ત્યારે શિષ્યોની ચેતનામાં ખળભળાટ મચી ગયો. બધાને થયું કે તેઓ આવીને આપણી સાથે રહેશે, તો પછી આપણે કેવી રીતે રહેવું ? એમની પદ્ધતિ પ્રમાણે રહેવું કે આપણે જેમ રહીએ છીએ તેમ જ રહેવું ! નલિનકાંત ગુપ્ત પોતાના સંસ્મરણોમાં લખે છે; ''અમારે અમારી રીતભાતમાં કંઇ ફેર કરવો કે નહીં ? કેમ કે અમે તો બધા મનફાવે તેમ રહેતા હતા. અમારો પોષાક, અમારી વાતચીત, અમારી ખાવાપીવાની, સૂવા બેસવાની રીતભાતમાં કશું ઠેકાણું ન હતું. એ જોઇને કોઇ અમને સુધરેલા કે સંસ્કારી માણસો ગણે જ નહીં અને છતાં અમે છેવટે એમ જ નક્કી કર્યું કે જેમ ચાલે છે તેમ ચાલવા દેવું. અમારી સ્વતંત્રતા પર કોઇ તરાપ આવવા ન દેવી.''

આ રીતે શ્રી અરવિન્દની સાથે રહેલા શિષ્યોને જેમ રહેતા હતા, તેમ જ રહેવાનું નક્કી કર્યું હતું. પણ શ્રી માતાજી આવ્યાં અને તેમને શ્રી અરવિન્દની વિશેષ કાળજી લેવાવી જોઇએ તેમ જણાતાં, તેમણે ધીમે ધીમે પ્રેમપૂર્વક બધા જ શિષ્યોનાં જીવનમાં પરિવર્તન લાવી દીધું. એમના ઉન્મુક્ત અને સ્વચ્છંદ જીવનમાં વ્યવસ્થિતા, સ્વચ્છતા અને સુઘડતા લાવી દીધાં. શ્રી માતાજીએ રસોઇયો રાખી લીધો. આથી રસોઇની કડાકૂટમાંથી શિષ્યો મુક્ત બન્યા અને તેમને સ્વાદિષ્ટ, નિયમિત, સમયસર ભોજન મળવા લાગ્યું. ફળિયામાં ભાંગેલા નળિયાનો ઢગલો પડ્યો રહેતો તે દૂર કરીને ત્યાં ફૂલછોડ રોપાઇ ગયાં. કેળો વાવવામાં આવી. આમ આંગણું પણ સુશોભિત બની ગયું.ઘરની વ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર થઇ ગયા. બધાંને આવું વ્યવસ્થિત જીવન જીવવામાં વિશેષ આનંદ આવવા લાગ્યો. આમ શિષ્યોને જણાયું કે તેઓ જે રીતે રહેતા હતા, તેના કરતાં હવે તેઓ પોતાની મનગમતી પ્રવૃત્તિઓ વધારે સારી રીતે કરી શકે છે. આથી બધા પ્રસન્નતા અનુભવવા લાગ્યા. (ક્રમશઃ)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો
## દેવોનું અસ્તિત્વ

(માતૃવાણી - ૧૫) (૪ ૫નવે. થી ૮ નવે. ૧૯૫૮) (પૃ.૩૦૬-૩૧૨)

પ્રકરણ - ૧૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પુરાણના દેવો અને ગ્રીક-ઈજિપ્તના દેવો વચ્ચે સામ્ય છે. પૃ.૩૦૬

૨ પશ્ચિમના વિચારકો દેવોને ફક્ત માનસિક કલ્પનાની નીપજ ગણે છે. પૃ.૩૦૬

૩ પણ આ બધા જ દેવો અન્ય સૂક્ષ્મ પ્રદેશમાં અસ્તિત્વ ધરાવતા જીવંત સત્વો છે. તેમનું સ્વતંત્ર અસ્તિત્વ છે. પૃ.૩૦૬-૩૦૭

૪ ખાલ્ડિયન અને વૈદિકપ્રણાલીના મૂળસ્વરૂપ પ્રણાલીમાં સર્જનનો ઈતિહાસ માનસશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી નહિ પણ પરલક્ષી (objective) દેવોના કાર્ય તરીકે વર્ણવેલ છે. પૃ.૩૦૭

૫ દેવો ઊર્ધ્વકક્ષાથી માંડી ભૌતિક કક્ષા સુધીના દિવ્ય-સર્જનહાર પ્રભુનું અવતરણ છે. પૃ.૩૦૭

૬ પશ્ચિમના ગુહ્યવિદો અને પૂર્વના ગૂઢવાદીઓ બહુ જ સામ્યતા ધરાવે છે. પૃ.૩૦૭

૭ ગુહ્યજગતનું જ્ઞાન સૂક્ષ્મશરીરો અને તેને અનુરૂપ સૂક્ષ્મજગતોના અસ્તિત્વ ઉપર આધાર રાખે છે. પૃ.૩૦૮

૮ ગુહ્યપદ્ધતિમાં એક સઘન શરીરમાંથી વધારે સૂક્ષ્મશરીરમાં ક્રમશઃ જવાનું હોય છે. પૃ.૩૦૮

૯ ભૌતિકશાસ્ત્રનું ચતુર્થ પરિણામ બીજું કાંઈ નથી પરંતુ ગુહ્યજ્ઞાનનો

વૈજ્ઞાનિક અનુવાદ છે. પૃ.૩૦૮

૧૦ તમે તે સૂક્ષ્મભૂમિકાની વસ્તુઓ અને લોકો સાથે ભૌતિક જગતની વસ્તુઓ અને લોકોની જેમ જ સંબંધ રાખી શકો છો. પૃ.૩૦૮

૧૧ એક પ્રદેશની બીજા પ્રદેશ ઉપર સીધેસીધી અસર બની આવે છે. પૃ.૩૦૯

૧૨ તેમનામાં બાહ્ય આકાર બદલવાની શક્તિ હોય છે. પૃ.૩૦૯

૧૩ ભૌતિક માનસ ધરાવતી વ્યક્તિ આ વસ્તુ નહિ સમજી શકે. પૃ.૩૦૯

૧૪ ઘણાં બાળકો નાનપણમાં સૂક્ષ્મજગતનાં સ્થાનોમાં જીવન જીવવાની ટેવ ધરાવે છે. પૃ.૩૧૦

૧૫ સ્વપ્ન અને ગુહ્ય વાસ્તવિકતાઓ વચ્ચે તાત્ત્વિક ભેદ છે. સ્વપ્ન વ્યક્તિ ઉપર આધાર રાખે છે ગૂઢવાસ્તવિકતાને સ્વતંત્ર અસ્તિત્વ હોય છે. પૃ.૩૧૦

૧૬ અવિકસિત લોકોની બાહ્ય અને આંતરચેતના વચ્ચે મોટી ખાઈ હોય છે. પૃ.૩૧૧

૧૭ દેવો, અસુરો, દાનવોને ભૌતિક અસ્તિત્વ નથી, તેમનામાં ચૈત્યપુરુષ પણ નથી. પૃ.૩૧૨

૧૮ દેવોમાં ક્ષતિ હોતી નથી. તેઓ પોતાની પ્રકૃતિ અનુસાર જ વર્તે છે. પણ તેમનામાં કેટલાક ગુણોની ખામી હોય છે અને તે ગુણો કેવળ માનવજાતિમાં જ હોય છે (પ્રેમ અને આત્મત્યાગ) પૃ.૩૧૨

**બાળક :** માતાજી, ભારતીય અને ગ્રીક પુરાણોમાં, વેદોમાં ઇજિપ્તની દંતકથાઓમાં વર્ણવેલા દેવો ફક્ત માનસિક કલ્પનાઓ છે કે તે દેવો ખરેખર અસ્તિત્વ ધરાવે છે ?

**માતાજી :** આધુનિક વિચારવંતો તેમને પુરાણોમાંનાં કાલ્પનિક પાત્રો ગણે છે. પણ એક વસ્તુ સૂચક છે. ઇજિપ્ત, ભારત, ગ્રીકના દેવોની કલ્પનામાં ઘણી સામ્યતા છે. આ કદાચ આ બધાનું મૂળ એક હોવાનું સૂચવે છે અથવા તો દેવો ખરેખર હસ્તિ ધરાવે છે અને આ ગુઢવાદીઓ કે આધ્યાત્મિક વ્યક્તિઓ તેમના સંપર્કમાં

આવવાથી આ સામ્યતા રચાએલી હશે.

આ બધા જ દેવો ખરેખર અસ્તિત્વ ધરાવે છે. તેમનું સ્વતંત્ર અસ્તિત્વ છે એ અર્થમાં કે આપણે તેમને ન જાણીએ છતાં તેઓ અસ્તિત્વ ધરાવે છે. તેઓ પોતાના સૂક્ષ્મ પ્રદેશોમાં રહે છે. પ્રભુના સંકલ્પને ભૌતિક સ્તરે વાસ્તવિક કરવા તેઓ પ્રયત્ન કરતા હોય છે.

ખાલ્ડિયન અને વૈદિક પરંપરા જેમના ફાંટા છે એવી અતિપ્રાચીન પરંપરામાં જગતના સર્જનનો ઇતિહાસ આપેલો છે. તે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કે ખગોળશાસ્ત્ર અનુસાર નહિ પણ માનસશાસ્ત્રીય પ્રક્રિયા સ્વરૂપે આપેલો છે. દરેક ભાવના કે વિચારને પોતાનો સૂક્ષ્મ આકાર હોય છે. તે આકાર સ્વરૂપે દેવો અસ્તિત્વ ધરાવે છે.

વિશ્વની સર્જન-પ્રક્રિયામાં અવક્રાંતિની પ્રક્રિયા થઇ તેના દરેક તબક્કે દેવો નિર્માણ થયાં છે. આમ, દેવો અતિમનસ કક્ષાથી સૂક્ષ્મ પાર્થિવ કક્ષા સુધી હોય છે. વનદેવતાઓ એ સૂક્ષ્મ પાર્થિવ કક્ષાનાં દેવો છે, જ્યારે માહેશ્વરી વગેરે અતિમનસ કક્ષાએ પણ છે.

તેમના શરીરો સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે. પ્રભુએ અવક્રાંતિમાં પોતાને દેવો સ્વરૂપે જ પ્રગટ કર્યા છે. આ રીતે જોતા તે પ્રભુના અવતરણ સ્વરૂપ જ છે.

બધા દેશોની, સંસ્કૃતિની ભાષાકીય અભિવ્યક્તિ જુદી હશે પણ અંતે તો સૂચન સરખું જ હોય છે.

ગુહ્યશાસ્ત્રમાં એમ માનવામાં આવે છે કે માનવના એકથી એક સૂક્ષ્મ એવા શરીરો છે અને તેઓ પોતપોતાની કક્ષાનાં જગતમાં જીવન ધારણ કરી શકે છે અને કાર્ય કરી શકે છે. જેમ જેમ સાધક વધુ ને વધુ સૂક્ષ્મ શરીરમાં પ્રવેશતો જાય છે તેમ તેમ તે વધુને વધુ સૂક્ષ્મ લોકના સંપર્કમાં પણ આવતો જાય છે.

આ સૂક્ષ્મ શરીરોના અસ્તિત્વને વિજ્ઞાનીઓ ચતુર્થ પરિમાણનાં જગતો કહે છે કાલ અને દિક્ આ ચતુર્થ પરિણામ છે. વ્યક્તિ વિશ્વરૂપમાં પણ પ્રવેશી શકે છે અને ત્યાં વૈશ્વિક-કક્ષાનાં દેવો છે તેમ જ વિશ્વાતીત કક્ષાએ પણ દેવો છે.

આવા સૂક્ષ્મ જગતો, દેવો, ત્યાંના લોકો વસ્તુઓ અને સૃષ્ટિને તમે ભૌતિક જગતમાં જેમ બધું જુવો, અનુભવો તે રીતે જ જોઈ શકો છો અને તે એક વાસ્તવિક સંબંધ હોય છે, પરલક્ષી (objective) સંપર્ક હોય છે. સ્વપ્નાઓની જેમ સ્વલક્ષી

(subjective) સંબંધ હોતો નથી. સ્વપ્નની દુનિયા પોતાના અસ્તિત્વ માટે સ્વપ્ન જોનાર ઉપર આધાર રાખે છે. તેમનું સ્વતંત્ર અસ્તિત્વ નથી.

દેવો વિશેના અનુભવો નીચેના વિચાર ધરાવતી વ્યક્તિઓને આવવા મુશ્કેલ છે : (૧) દેવો માત્ર માનવના કલ્પના જગતની નીપજ છે. (૨) દેવોને નિશ્ચિત આકાર જ હોય છે. તેઓ આકાર, રૂપ બદલી શકતા નથી, પણ વાસ્તવિકતા એ છે કે દેવો પોતાના રૂપો બદલી શકે છે. તેમનું શારીરિક તત્ત્વ સૂક્ષ્મ હોવાથી તેમના સંકલ્પને અનુસરે છે. (૩) દેવો માનવી આકાર જ ધરાવે છે અને તે માનવીના વિચાર-જગતની જ વસ્તુ છે. દેવો તો પોતાના ભક્તોના સંતોષ ખાતર તેમની અપેક્ષા મુજબરૂપ, આકાર, ધારણ કરે છે, ભક્તોએ તેમની પાસેથી માનવીરૂપની અપેક્ષા રાખેલી તેથી તેઓ માનવી આકૃતિમાં પ્રગટ થયાં હતાં. ઘણાં નાનાં બાળકોને તમે કલ્પનાસૃષ્ટિમાં જીવતા જોયાં હશે. ઘણી વખત તેઓ આવા કોઈ સૂક્ષ્મ જગતમાં જીવતા હોય છે પણ આપણે તેને કલ્પનાવિલાસ સમજી બેસીએ છીએ. ઉંમર વધતાં જ્યારે તેમનું મન જીવનમાં વધુ પ્રભાવી થાય છે પછી તેઓ આ સંબંધ ગુમાવી બેસે છે.

દેવો અને આવા સૂક્ષ્મ સત્ત્વો સાથેનો સંબંધ અને સ્વપ્ન બન્ને વચ્ચેનો તફાવત સમજી લેવો જરૂરી છે. દેવો ગૂઢવાસ્તવિકતા છે, સ્વપ્ન નથી. સ્વપ્ન સ્વલક્ષી, પોતાની મનોવસ્થા ઉપર આધારિત સૃષ્ટિ છે, જ્યારે દેવોની દુનિયા પરલક્ષી સૃષ્ટિ છે.

સામાન્ય લોકો દેવોનો સંપર્ક સાધી શકતા નથી તેનું કારણ તેમની બાહ્ય-ચેતના અને આંતર-ચેતના વચ્ચે એક ખાઈ હોય છે અને બન્ને ચેતનાને તદ્દન અલગ રાખે છે. તે ખાઈ જ્યારે પુરાઈ જાય છે પછી જ માનવની દેવો સાથેના સંપર્કની શક્યતા ખૂલ્લી થાય છે.

જગતના સીમાડા પછી નિરાકાર ચેતનાનો પ્રદેશ આવે છે. સાધક સૂક્ષ્મ શરીરોમાંથી પસાર થતો જ્યારે આ સીમાડે પહોંચે છે અને તેને ઓળંગીને નિરાકાર ચેતનામાં પ્રવેશે છે પછી દેવોના સ્વરૂપોનો પણ અનુભવ આવતો નથી.

દેવો, અસુરો, દાનવો, રાક્ષસોનાં રૂપો માનવી હોય તો પણ તેઓમાં ચૈત્યપુરુષ હોતો નથી. તેથી ચૈત્યપુરુષના દિવ્ય ગુણો આ યોનિઓમાં દેખાતા નથી. પ્રેમ અને આત્મત્યાગ, સમર્પણનો ભાવ આ લોકોમાં હોતો નથી, તેથી દેવો

કરતાં પણ પ્રભુની વધુ પાસે જવાની શક્યતા માનવમાં ખૂલે છે. દેવોને તે શક્યતા પ્રાપ્ત કરવા માનવ તરીકે જન્મવું પડે છે.

દેવો અમર છે, કારણ તેમની ચેતના અને શરીરમાં પૂરેપૂરો સંવાદ હોવાથી અને દિવ્યતત્ત્વ સતત શરીર દ્વારા પ્રગટ થતું હોવાથી દેવો અમર તો છે પણ અજર અર્થાત્ વૃદ્ધતત્ત્વ તેમને નથી.

ફક્ત માનવપ્રેમમાં અહંકારની છાંટ પણ હોય છે. તે પ્રેમને પોતાનો ખાસ પ્રેમ ગણે છે પણ પ્રેમ તો વૈશ્વિક-શક્તિ છે.

દેવો સદા દિવ્ય હોય છે, કારણ તેમની ચેતનાને તેમના શરીર દ્વારા પ્રગટ થવાને માટે કોઈ અવરોધો હોતા નથી. જેવી ચેતના તેવું જ તેઓ જીવે છે અને અનુભવે છે.

સારાંશ, દેવયોનિ ઉત્ક્રાંતિમાં ન પ્રવેશેલી યથાવત્ રહેતી દિવ્યયોનિ છે અને તેમનું સૂક્ષ્મ-અસ્તિત્વ પણ છે. તેમનો સંપર્ક સાધી શકાય છે. તેઓ પ્રભુના આયોજનનાં એંજીનિયર્સ અને આર્કિટેક્ટ છે. તેમની મદદ લઈને આપણે જીવનને દિવ્ય-બનાવી શકીએ છીએ. તેઓ માનવોના મિત્ર અને હિતચિંતક છે.

---

(પાના ૪૮ ઉપરથી) **શ્રી માતાજી પુદુચેરી આગમન દિન**

અમરતા એટલે અસ્તિત્વનો નાશ નથી પરંતુ અસ્તિત્વનું રૂપાંતર છે. આ સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે :

''મૃત્યુનું રૂપાંતર કર્યાથી અમૃતમય જીવન સંભવી શકે છે, ક્રૂરતાનું રૂપાંતર કરવાથી જ એક અસહ્ય સરખો ઉત્કટ પ્રેમ સંભવી શકે છે; અજ્ઞાનનું રૂપાંતર કરવામાં જ તે જ્ઞાન અને ડહાપણની મર્યાદાઓને વટાવીને એક જ્યોતિર્મયતાનું રૂપ ધારણ કરે છે.''

(વિચાર રત્નો અને સૂત્રોનું વિવરણઃ પૃ.૧૮૮)

– શ્રી અરવિન્દ

શ્રી માતાજીના આગમનદિનની ઉજવણી આપણે આપણી પ્રકૃતિના રૂપાંતર માટે સત્યજ્ઞાનની શોધમાં પસાર કરીએ એ જ છે સાચી ઉજવણી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## અભીપ્સાનો સંઘર્ષ

પ્રકરણ - ૧૧૫

(Savitri, B-1, C-4, P. 49-50)

In this dense field where nothing is plain or sure,
Our very being seems to us questionable,
Our life a vague experiment, the soul
A flickering light in a strange ignorant world,
The earth a brute mechanic accident,
A net of death in which by chance we live.

આ ભૌતિક-જીવન તો એટલું જડ અને તમોગ્રસ્ત છે કે (dense field) જ્યાં કોઈ વસ્તુ સરળ (plain) સ્પષ્ટ અને તેથી ખાતરીલાયક (sure) નથી. આપણું જે સ્વરૂપ છે, અસ્તિત્ત્વ છે, તે અનુભવાય જરૂર છે પણ ખરેખર તે છે કે નહિ તેની જ ખાતરી નથી. તેથી તેની સામે પણ પ્રશ્નાર્થ મુકાઈ જાય છે (questionable) આપણું જીવન એવો પ્રયોગ છે જે હજી આપણે સમજી શક્યા જ નથી (Vague experiment) જેને આપણે આપણો આત્મા કહીએ છીએ (Soul) તે પણ એક બે ભરોસાપાત્ર, તકલાદી, હમણા બુઝાઈ જાશે તેવી ચંચળ (Flickering) ચેતનાનો પ્રકાશ (light) લાગે છે અને તે ક્ષણભંગુર લાગે છે, કારણ આ તદ્દન અપરિચિત એવા (Strange) અને જેની બાબતમાં આપણે ખરેખર કાંઈ જ જાણતા નથી એવા જગતમાં (ignorant world) આવી પડેલી આ ચેતના છે. તે મૂંઝાઈ જાય છે, અણસમજણ અનુભવે છે.

આપણું આ ભૌતિક શરીર (earth) એક યાંત્રિક કરામત લાગે છે (mechanic accident) જે કેવી રીતે કામ કરે છે તે પણ આપણે જાણતા નથી. તેને કેવી રીતે વાપરવું તે પણ આપણે જાણતા નથી. આપણે આ શરીરરૂપી જાળમાં

અકસ્માતથી અટવાઈ ગયાં છીએ અને તે જાળ વળી ખૂબ જ ઘાતકી છે (brute) કારણ તે પ્રત્યક્ષ મૃત્યુની જ જાળ છે. (A Net of death)

All we have learned appears a doubtful guess,
The achievement done a passage or a phase
Whose further end is hidden from our sight,
A chance happening or a fortuitous fate.

આપણે જે કાંઈ જીવનમાં જાણ્યું છે, સમજાયું છે, તે ફક્ત શંકાની પરિઘમાં આવતી અટકળો માત્ર (doubtful guess) લાગે છે. જે કાંઈ સિદ્ધિઓ મેળવી છે તે હાલના તબક્કાનું યશ (phase) અથવા ભવિષ્યની ઘટનાઓ સાથે જોડતી ઘટના લાગે છે (passage) જે કદાચ આપણી હાલની સિદ્ધિઓને મૂર્ખતામાં ખપાવી દે. ભવિષ્યમાં આ ઘટનાક્રમ કેવો વળાંક લેશે (future end) તેનો આપણે અંદાજ પણ બાંધી શકતા નથી (hidden from our sight) આજની ઘટના એક અકસ્માત માત્ર પણ હોઈ શકે છે અથવા એક એવી નિયતિ છે (fate) જે તે આપણે કદાચ ભૂલથી સદ્ભાગ્ય માની બેઠા છીએ. (fortuitous) પણ ખરેખર તેવું નથી.

Out of the unknown we move to the unknown.
Ever surround our brief existence here
Grey shadows of unanswered questionings;
The dark Inconscient's signless mysteries
Stand up unsolved behind Fate's starting line;
An aspiration in the Night's profound,
Seed of a perishing body and half-lit mind,
Uplifts its lonely tongue of conscious fire
Towards an undying Light for ever lost.

આપણું જીવન શું છે ? તે અજ્ઞાતથી અજ્ઞાત તરફનો જ પ્રવાસ છે અને આપણા જીવનનું આ પૃથ્વી ઉપરનું ક્ષણિક અસ્તિત્વના બન્ને છેડે જાણે અજ્ઞાતનો અફાટ પ્રદેશ ફેલાએલો પડ્યો છે ! જીવનનાં ઘણાં કોયડા આપણાથી વણઉકેલ્યાં રહે છે. તેમના જવાબો મળતા નથી અને તેથી આપણે જાણે સતત એક અવસાદમાં જીવતા હોઈએ છીએ કે જીવનનો કોયડો પોતે જ વણઉકેલ્યો જ રહી જવાનો છે. ભવિષ્યનો જવાબ આપણી નિયતિ સિવાય કોઈ આપી શકતું નથી.

નિયતિની આ રેખાને પેલેપાર દેખાય છે એક અચેતનનો એવો વેરાન પ્રદેશ જેમાં તેની ઓળખાણ માટેનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી (signless) અને તેથી ત્યાં ઘેરું ગૂઢતાનું વાતાવરણ છવાએલું હોય છે અને તેથી આપણા જીવનનાં બધાં જ મૂળભૂત પ્રશ્નો જાણે જવાબ વગરનાં જ રહી જાય છે. પણ દરેક નિરાશામાં એક અમર આશા છુપાએલી હોય છે. આ કાળરાત્રીમાં અભીપ્સાનો એક નાનકડો સળવળાટ થતો હોય છે. તે અભીપ્સા છે પ્રભુને પ્રગટ કરવાની. તે અભીપ્સારૂપી કંદમાંથી જ દર જન્મે આ નાશવંત શરીરનાં અને અર્ધ-પ્રકાશિત મનનાં અંકુરો ફૂટે છે. આ અંકુરો ફૂટવાનું કારણ શું?

તે બન્ને જાણે અભીપ્સાને ફૂટેલી જીભ છે જે અભીપ્સાને વ્યક્ત કરવા પ્રયત્ન કરતી હોય છે. હાલમાં તો તેમની સિવાય અભીપ્સા પાસે કોઈ આવિર્ભાવનું સાધન નથી. અભીપ્સા પોતે તો એક સભાન પ્રકાશ છે. તે પ્રભુના પરમ-પ્રકાશનો જ અંશ છે. તે પરમ-પ્રકાશમાંથી વિખૂટો પડી ગએલો તણખો છે, જેને અચેતને ઘેરી લીધેલો છે. તે જુદાઈને કારણે જ અભીસાની જ્વાલા સતત તેને મિટાવી દેવા પ્રકાશતી હોય છે. તે અમર-પ્રકાશને (undying Light) પામવાની તેની તમન્ના હોય છે. શરીર અને મન દ્વારા તે જ તમન્ના યથાશક્તિ પ્રગટ કરવાનો અભીપ્સા પ્રયત્ન કરતી હોય છે. તેની આશા અમર છે. અચેતનનો દરિયો પણ તેને અવસાદમાં ડૂબાડી શકતો નથી.

---

(પૃઠ ૪૦ ઉપરથી)

## સર્વાંગી - આરોગ્ય

માટે સતત તેમની બાજુ લેવી જરૂરી હોય છે. તેમની બાજુ લેવી એટલે તેમના વિશ્વાસે જીવવું, તેમના કાર્યમાં શ્રદ્ધા રાખવી.

મનમાં આવી ગ્રહણશીલતા અને શાંતિ સ્થાપિત થયા પછી જ તે ગ્રહણશીલતા અને શાંતિ પોતાનો પ્રદેશ વિસ્તારતી જાય છે. તે ભાવનાઓમાં શાંતિ અને ગ્રહણશીલતા લાવે છે, સંવાદમયતા લાવે છે, તે સમગ્ર શરીરમાં પણ શાંતિ અને ગ્રહણશીલતા સ્થાપે છે અને તેથી પણ આગળ જઈને શરીરના કોષોમાં પણ શાંતિ અને ગ્રહણશીલતા લાવે છે. ઊર્ધ્વશક્તિઓને અનુભવવી, તેની પ્રત્યે ગ્રહણશીલ રહી તેને ઉઘાડ આપવો, તેના કાર્યમાં શ્રદ્ધા રાખવી, તેના પરિણામોની નોંધ લેવી અને વિશ્વાસ વધારવો આ જ તે પ્રક્રિયા છે.આમ કરવાથી જ સંપૂર્ણ-ચેતના પોતાનો સહજ વિકાસ કરી શકે છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## પૂર્ણયોગ અને બીજા માર્ગો

(ભા.-૧, પૃ.૭૭-૮૭)

## ગીતા, તંત્ર અને શ્રી અરવિન્દ

અવતરણો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ગીતા અંતિમ ધ્યેય તરીકે આ જગતના જન્મમાંથી મુક્ત બનવાનું સ્વીકારે છે. પૃ.૭૭

૨ જગત એક એવું આવિર્ભાવનું ક્ષેત્ર છે, જેમાં અંતરાત્માની ક્રમિક ઉત્ક્રાંતિ થાય છે. પૃ.૭૭

૩ ગીતાની પદ્ધતિમાં યોગની બે ગતિઓનું સૂચન કરે છે, જેમાં પૂર્ણ સમર્પણ એ ટોચની ગતિ છે. પૃ.૭૮

૪ આપણો યોગ ગીતાનાં બધાં જ મુખ્ય તત્ત્વોનો સમાવેશ કરે છે. પૃ.૭૮

૫ ગીતા જ્ઞાન, પ્રેમ અને કર્મયોગનું પ્રતિપાદન કરે છે. પૃ.૭૯

૬ ગીતા ભગવતી મા વિશે સ્પષ્ટ રીતે કાંઈ કહેતી નથી. પૃ.૭૯

૭ ગીતા વેદાંતની પ્રણાલીને અનુસરે છે. પૃ.૮૦

૮ પુરુષોત્તમ એક અને અનેકને પોતામાં ધારણ કરે છે. પૃ.૮૦

૯ સ્વરૂપની રચનામાં સાંખ્યના સિદ્ધાંતો વૈશ્વિકરીતે સ્વીકારવામાં આવ્યા છે. પૃ.૮૧

૧૦ તંત્ર શક્તિ ઉપર ભાર મૂકે છે. પૃ.૮૧

૧૧ વેદાંતનો ઘણો ભાગ.... અક્ષરશઃ સ્વીકારવામાં આવ્યો છે. પૃ.૮૧

૧૨ કુંડલિનીને જાગૃત કરીને કેન્દ્રો મારફત તેનું ઊર્ધ્વીકરણ કરવું એ તંત્ર-વિદ્યાનું જ્ઞાન છે. પૃ.૮૧

૧૩ આપણા યોગમાં ઊર્ધ્વબળના અવતરણ દ્વારા ચક્રો આપોઆપ ખૂલી જાય છે. પૃ.૮૨

૧૪ કેન્દ્રોમાં રહેલા દેવતાઓ વિશે સભાન બનવાની બિલકુલ જરૂર નથી. પૃ.૮૨

૧૫ તંત્રના પ્રાચીન સ્વરૂપો અને પ્રતીકોની ગુલામી રાખવાની નથી. પૃ.૮૨

૧૬ કેન્દ્રો વિશેનું જુદું જ અર્થઘટન આપણા યોગમાં રહેલું છે. પૃ.૮૨

૧૭ હું ચૈતસિક તત્ત્વને અંતરાત્મા તરીકે વાપરું છું જેથી તે મન અને પ્રાણથી જુદો પડે. પૃ.૮૩

૧૯ વૈશ્વિકચેતના સાથેના સંપર્કો, ઊર્ધ્વચેતનાના અને પરાત્પરના બધા જ સંપર્કો આધ્યાત્મિક છે. પૃ.૮૩

૨૦ ચૈતસિક વિકાસ પ્રથમ થાય તેને હું ઉત્તમ ગણું છું. પૃ.૮૪

૨૧ આપણા માટે મુખ્ય શાસક બળો આત્મતત્વ અને ચૈત્યપુરુષનું પ્રભુ સાથેનું ઐક્ય હોવા જોઈએ. પૃ.૮૪

૨૨ પોતાની અનુભૂતિઓ વિષે મૌન રાખવું સલાહભરેલું છે. પૃ.૮૬

૨૩ દિવ્ય-ચેતનાના સત્યને પ્રકૃતિનાં નિમ્નભાગોમાં ઉતારી લાવવાનું છે. સત્યની સાથે બધી જ જરૂરી શક્તિઓ આવશે. તે પ્રભુની હશે - પોતાની નહિ. પૃ.૮૬

૨૪ એક નવીન શારીરિક પ્રકૃતિનું સર્જન કરવાનું છે જે અતિમાનવનું નિવાસ સ્થાન બને. પૃ.૮૭

૨૫ મને અતિમનસ વિશે જ્ઞાન પ્રાપ્ત થયું તે સીધેસીધું આપવામાં આવેલું. પૃ.૮૭

૨૬ બન્નેનો સુમેળ અતિમનસમાં છે..... પરમાત્માનું સત્ય અને દિવ્યજ્ઞાનનું નવસર્જન. પૃ.૮૭

ગીતાના તત્ત્વજ્ઞાનને સમગ્ર સિદ્ધાંતોમાં શ્રી અરવિન્દે સ્વીકાર્યા છે છતાં શ્રી અરવિન્દનું તત્ત્વજ્ઞાન એ ગીતાની કૉપી નથી. કારણ (૧) ગીતા જન્મમૃત્યુના ફેરામાંથી મુક્તિનું ધ્યેય સ્વીકારે છે જે શ્રી અરવિન્દ માટે મુખ્ય ધ્યેય નથી. (૨)

પાર્થિવ-જીવનના રૂપાંતરની કલ્પના ગીતામાં નથી. (૩) ઉપનિષદોમાં વિજ્ઞાનમય પુરુષની કલ્પના બીજસ્વરૂપે છે પણ તેના વિકાસની ક્રિયા ત્યાં જણાવેલ નથી. પાછળથી તો તે કલ્પના જ અદૃશ્ય થઇ ગએલી જણાય છે. (૪) જગતને ગીતા શ્રી અરવિન્દની જેમ આવિર્ભાવનું ક્ષેત્ર તરીકે માનતી નથી જેમાં અંતરાત્મા ઉત્ક્રાંત થતો જાય છે. (૫) ગીતામાં યોગની બે ગતિઓ છે. એક, નિમ્નપ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવો. બે, કર્મોને પુરુષોત્તમને સમર્પિત કરવા. આ વસ્તુ શ્રી અરવિન્દ પણ સ્વીકારે છે. (૬) ગીતા આ જગતને 'અનિત્યમ્ અસુખમ્' કહે છે અને તે સ્થિતિ કાયમી ગણે છે. શ્રી અરવિન્દ હાલની સ્થિતિ તરીકે તે માન્ય કરે છે પણ પછી જગત પ્રભુના આવિર્ભાવ સ્વરૂપ આનંદમય બની જશે એમ જણાવે છે (૭) ગીતા બે આદર્શો રાખે છે - બ્રહ્મ-નિર્વાણ અર્થાત્ બ્રહ્મમાં વ્યક્તિ-ચેતનાનો લય અને બીજો, જગતમાં જીવનમુક્ત થઇ જીવવાનો. શ્રી અરવિન્દનો આદર્શ અતિમનસ જીવન છે, જેમાં આ બન્નેનો સમન્વય થાય છે. (૮) ગીતામાં જ્ઞાન, ભક્તિ, કર્મો ત્રણેનું પ્રતિપાદન કરેલ છે. જે શ્રી અરવિન્દને માન્ય છે. (૯) યુદ્ધના પ્રસંગને વ્યાસે પ્રતીકાત્મક તરીકે વર્ણવેલ નથી, પણ વાસ્તવિક યુદ્ધ ગણેલ છે. તે ઘોર-કર્મમાં પણ અધ્યાત્મને જીવનમાં ઉતારવાનો આગ્રહ રાખે છે. શ્રી અરવિન્દ પણ સમસ્ત જીવનને યોગનું ક્ષેત્ર ગણે છે. (૧૦) ગીતામાં મા ભગવતીનો કોઇ ઉલ્લેખ નથી. કારણ તે વેદાંતને અનુસરે છે તે પ્રભુનાં પાસાંને મહત્ત્વ આપે છે. તેની શક્તિના પાસાંને નહિ. તાંત્રિકો ઇશ્વરીને મહત્ત્વ આપી શક્તિ પાસાં ઉપર ભાર મૂકે છે. શ્રી અરવિન્દ બન્ને પાસાં ઉપર ભાર મૂકે છે. યોગમાં મા ભગવતીનું મહત્ત્વ પણ સ્વીકારે છે. (૧૧) ગીતામાં પુરુષોત્તમ - ચેતનાનો ઉલ્લેખ છે પણ તેની વિગતો ઓછી આપેલી છે. શ્રી અરવિન્દ પુરુષોત્તમ-ચેતનામાં જ જીવન ધારણ કરી જીવન જીવવાનો આગ્રહ રાખે છે (૧૨) ગીતાએ સાંખ્યનું તત્વજ્ઞાન વિશ્વની રચનામાં પૂરેપૂરું સ્વીકારેલ છે. શ્રી અરવિન્દ પુરુષ અને પ્રકૃતિનાં ભેદને વટાવી જવાનું કહે છે.

વેદ અને વેદાંત આત્મતત્ત્વ ઉપર ભાર મૂકે છે. તંત્રશક્તિ પાસાં ઉપર ભાર મૂકે છે. શ્રી અરવિન્દે બન્ને પાસાંનો પોતાના યોગમાં સમન્વય કરેલો છે, તેથી જ 'આર્યમાં શ્રી અરવિન્દે વેદાંતનો ઘણો મોટો ભાગ-અક્ષરશઃ સ્વીકારેલો છે.

શ્રી અરવિન્દે જે નિમ્નપ્રકૃતિના રૂપાંતરની કલ્પના આગળ લાવી તેની પાછળ તંત્રના જ્ઞાનનો જ ઘણો બધો ઉપયોગ કરવામાં આવ્યો છે. મા ભગવતીની

મદદ સિવાય રૂપાંતરની પ્રક્રિયા શક્ય નથી એવું તેઓ જણાવે છે તંત્રમાં કુંડલિનીના જાગરણ દ્વારા યોગચક્રોને વિશુદ્ધ અને જાગૃત કરવામાં આવે છે. તેમાં સંકલ્પબળને કામે લગાડવામાં આવે છે, પણ શ્રી અરવિન્દનો યોગ તંત્ર કરતા ઘણો જુદો પડે છે. જેમાં નીચેનો તફાવત છે :

(૧) ચક્રોને ખોલવા માટે શ્રી અરવિન્દ સંકલ્પબળ વાપરવાની ના પાડે છે. તેના કરતાં ઊર્ધ્વબળને નીચે અવતરણ કરાવવાનું છે. તેના દબાણથી જ યોગ-ચક્રો પોતાની મેળે ખુલવા માંડે છે. (૨) તંત્રમાં યોગચક્રો નીચેથી ઉપર ખુલતા જાય છે. પૂર્ણયોગમાં તે ઉપરથી નીચે ખુલતા જાય છે. (૩) તંત્રમાં કુંડલિનીની ગતિ સહસ્રાર ચક્ર સુધી જ અર્થાત્ મસ્તકના ઊર્ધ્વભાગ સુધી જ છે. તે શરીરની બહાર જતી જ નથી, પણ પૂર્ણયોગમાં ચેતના મસ્તકની ઉપર અંતરીક્ષમાં જઈને સ્થિર થાય છે. ત્યાં તે વિશ્વચેતના સાથે એકરૂપ થવા વિશાળતા ધારણ કરે છે અને સમગ્ર વિશ્વમાં ફેલાઈ જાય છે. (૪) તંત્રમાં દરેક ચક્ર અને તેની દેવતા વિશેની સભાનતા જાળવી રાખવાની હોય છે. પણ પૂર્ણયોગમાં યોગચક્રોનાં વિવિધ દેવતાઓ બાબત સભાન બનવાની જરૂર નથી. ઘણા સાધકો દરેક ચક્ર બાબત સ્પષ્ટ રીતે સભાન બનતા નથી, ફક્ત ચેતનાનું ઊર્ધ્વગમન અને શક્તિનું અવતરણ જ અનુભવે છે. (૫) તંત્રમાં દરેક કેન્દ્રનાં નિશ્ચિત પ્રતીકો છે. કમળની પાંખડીઓની વિવિધ સંખ્યા ઉપર તે પ્રતીકો આધારિત છે. આપણા યોગમાં આપણે આ પરંપરાગત પ્રતીકો માન્ય રાખ્યાં નથી. (૬) તંત્રમાં દરેક યોગ-ચક્રો વિશિષ્ટ લોકનાં પ્રવેશદ્વાર છે અને વિશિષ્ટ ક્ષમતા અથવા સિદ્ધિ ધરાવે છે. આપણે દરેક યોગચક્ર ચેતનાની વિશિષ્ટ ભૂમિકાનું પ્રતીક છે. તે ચેતનાનું ખાસ સ્તર દર્શાવે છે. (૭) આપણા યોગમાં પરમાત્માના સીધેસીધા સંપર્કને જ મહત્ત્વ આપવામાં આવે છે. યોગચક્રોના ક્રમશઃ ઉદ્‌ઘાટનને નહિ. (૮) તંત્રમાં ગૂઢવિદ્યાનો ભાગ મહત્ત્વ ધરાવે છે. આપણા યોગમાં તે ક્ષમતાઓને સહજ રીતે પ્રાપ્ત થતી અને પ્રભુના કાર્યમાં વપરાતી કરવાની છે. તેના માટે ખાસ પ્રયત્નો કરવાનાં નથી. (૯) પૂર્ણયોગમાં ચૈતસિક ઉદ્‌ઘાટનને પ્રાથમિક મહત્ત્વ આપવામાં આવે છે. શ્રી અરવિન્દ ચૈતસિક તત્ત્વને અંતરાત્મા કહેતા. તે મન, પ્રાણથી જુદો ગણતા. ચૈત્યપુરુષની અનુભૂતિઓને ચૈતસિક ગણતા. મન, પ્રાણની અનુભૂતિઓને માનસશાસ્ત્રીય અનુભૂતિઓ ગણાવતા. આધ્યાત્મિક અનુભૂતિમાં ઊર્ધ્વચેતના, વિશ્વ-ચેતના અને પુરુષોત્તમ-ચેતના ત્રણેના

અનુભવોનો સમાવેશ કરતા. (૧૦) આપણા યોગમાં ચૈત્યપુરુષનું પ્રભુ સાથે ઐક્ય અને આત્મતત્ત્વનું પ્રભુ સાથે ઐક્ય આ બે વસ્તુઓને જ મહત્ત્વ અપાય છે. (૧૧) મુખ્ય બળો સાથે કામ પાડવું એ આપણું મુખ્ય લક્ષ્ય નથી. તે ગુહ્ય વિદ્યાનું ક્ષેત્ર ગણવામાં આવે છે. આપણે આવા સૂક્ષ્મ-શક્તિઓ અને સત્ત્વો સાથેના સંપર્કને જોખમકારક ગણીએ છીએ. તેમના હાથમાં પોતાની જાતને ન સોંપવી જોઈએ. આપણા યોગમાં ચેતના શરીર બહાર સ્થિર થતાં જ સૂક્ષ્મ સાધનો દ્વારા કાર્ય કરવાની ક્રિયાઓ સહજ બની જાય છે. તેમને પ્રભુના કાર્યમાં જ જોતરવાની હોય છે. (૧૨) આપણે મિતાહારી રહેવાને મહત્ત્વ આપીએ છીએ. અપવાસને મહત્ત્વ આપતા નથી. ઘણાં તાંત્રિકો આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. (૧૩) ગૂઢવાદીઓના ભાતૃભાવવાળી સંસ્થાઓ આપણે સ્થાપતા નથી. (૧૪) પોતાની અનુભૂતિઓને ગુપ્ત રાખવામાં આપણે શ્રેય માનીએ છીએ. (૧૫) આપણે દિવ્ય-ચેતનાને શારીરિક ચેતનામાં ઉતારી લાવવાની છે. તેની સાથે શક્તિઓના અવતરણને પ્રભુની પ્રસાદી ગણી તેના કામમાં વાપરવાની છે. (૧૬) આપણી શારીરિક પ્રકૃતિની કલ્પના તાંત્રિકો કરતા વિશાળ છે. આપણે તેમાં સ્થૂળમન, સ્થૂળપ્રાણ અને શરીરનો સમાવેશ કરીએ છીએ, ફક્ત  શરીરનો નહિ. (૧૭) આપણે દિવ્ય-શારીરિક પ્રકૃતિ રચવા પ્રયત્ન કરીએ છીએ.

---

(પાના ૪૪ ઉપરથી)

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન

૭ પુસ્તક પાછળની ચેતનામાં પ્રવેશવું જ આ બાબતમાં મહત્ત્વનું છે. પૃ.૧૧૧

૮ જગતમાં ઘણી કુરૂપ અને બીભત્સ વસ્તુઓ છે. પુસ્તકમાં લખીને તેમાં વધારો શા માટે કરવો ? જીવનમાંના સૌંદર્યને સાહિત્યમાં પ્રગટ કરવું જ મહત્ત્વનું છે. પૃ.૧૧૧

૯ દરેક લેખક પ્રજ્ઞાવંત હોતો નથી, તેથી તેના પુસ્તકનો નાયક માનવી નબળાઈઓથી પાર જઈને દિવ્યતામાં આરોહણ કરે છે એ તેઓ દર્શાવી શકતા નથી. પૃ.૧૧૧

૧૦ ખરાબ પુસ્તકો ઉપર પ્રતિબંધ મૂકવાથી હેતુ બહુ સરવાનો નથી. વાચકમાંની અશ્લિલતા, પશુતાને દિવ્ય રૂપાંતર કર્યા વગર વર્ણવવું એની પરહેજી પાળવી પડશે. પૃ.૧૧૨

## આખ્યાન રહસ્ય
# જીવન-યજ્ઞની સાર્થકતા અને મર્યાદાઓ
પ્રકરણ - ૧૮

યુવાન વસુક્ર ઋષિ ગંગાકિનારે એક પથ્થર ઉપર આસન જમાવી ધ્યાનમગ્ન હતાં. તેમને ધ્યાનમાં ઈન્દ્રનાં દર્શન થયાં. તેમણે જ તેમનું સ્વરૂપ રચ્યું છે તેવું ભાન થયું પણ સાથે સાથે તેમની સાથેનો એકરૂપતાનો ભાવ પણ જણાતો હતો. ઋષિને પ્રશ્ન થયો : આમ કેમ ? મારા રચાયિતા તરીકે દેવરાજ ઈન્દ્ર મારા પિતા થાય તો આ એકરૂપતાના ભાવનું શું ?

ઈન્દ્રે જવાબ આપ્યો, ''પિતા અને પુત્ર એક જ છે. પણ તું જીવન-લીલા ટકાવવા મારા પુત્ર તરીકે વિચરજે.''

ઋષિ વસુક્રને આત્મજ્ઞાન થયું. આત્માનું સ્વરૂપ જાણ્યું, પણ જે આત્મા આ જીવન દ્વારા પ્રગટ થાય છે તે જીવનનું જ્ઞાન મેળવવું તેમને જરૂરી લાગ્યું. તેમણે જીવનનો સ્વીકાર કર્યો. સંસ્કારી ઋષિ-કન્યા સાથે સંસાર માંડ્યો. આંગણે કપિલા ગાય વસાવી. તપસ્વી જીવન જીવવા લાગ્યા.

એક વખત તેમને સોમયાગ કરવાની ઈચ્છા થઈ. પત્નીને વિશ્વાસમાં લીધી. તેની સંમતિથી સોમયાગની પૂર્વતૈયારી કરી. પાસેના પર્વત ઉપરથી સોમવલ્લી લઈ આવ્યા. ઋષિ-પત્નીએ તેમાંથી રસ કાઢી સોમપાનની તૈયારી કરી અને ઋષિ સોમયાગ કરવા બેઠા.

વસુક્ર ઋષિએ વિશ્વદેવોનું આહ્‌વાન કર્યું પણ ઈન્દ્રને આમંત્રણ ન આપ્યું, એ વિચારથી કે તે તો મારા પિતા છે. તેઓ પુત્રપ્રેમથી આવશે જ.

વિશ્વદેવો બધા જ હાજર થયા પણ ઈન્દ્ર ન આવ્યાં. પત્નીને અજંપો જાગ્યો. પતિને વાત કરી. ઋષિ બોલ્યા, તે તો મારા પિતા છે. મને વિશ્વાસ છે, આવશે જ.'' પણ ઋષિપત્નીનો ક્ષોભ વધતો જ ગયો. બોલ્યાં : ''મારા તરફથી મારા શ્વસુરને આમંત્રણ આપો. મારા ક્ષમાયાચના તેમના સુધી પહોંચાડો.''

ઋષિએ ઈન્દ્રને આમંત્રણ આપ્યું. ઈન્દ્ર તરત હાજર થયા બોલ્યાઃ ''પુત્ર, હું તારી પરીક્ષા લેતો હતો કે તને દૃઢ વિશ્વાસ છે ને કે તું અને હું એક જ છીએ. તું ઉતીર્ણ થયો છે.'' ઋષિપત્ની તરફ વળીને બોલ્યાં, ''બેટા, તારે ક્ષમા માંગવાની હોય જ નહિ અને છતાં વિના અપરાધે પણ તે ક્ષમા યાચી મને વધારે પ્રસન્ન કર્યો છે.''

અહીં કથાનક પૂર્ણ થાય છે. આ આખ્યાનનું રહસ્ય નીચે મુજબનું છે :

અપરા-પ્રકૃતિ અથવા નિમ્ન-પ્રકૃતિ અશુદ્ધ છે. પરા-પ્રકૃતિ શુદ્ધ અને દિવ્ય છે. બન્નેને જોડનાર તત્ત્વ પ્રકાશમય મન અથવા ઈન્દ્ર છે. અશુદ્ધ પ્રકૃતિ સાથે એકરૂપ રહેનાર સાધકની પ્રકૃતિને દિવ્ય કરી પરાપ્રકૃતિમાં રહેતા ઈન્દ્ર શીખવે છે, પ્રકાશમય મન શીખવે છે; તેથી ઈન્દ્ર સાધકના નવા જન્મના પિતા કહેવાય છે. સાધકનું પોતાનું મન જ પ્રકાશમય થવાથી તે તેની સાથે એકરૂપતા અનુભવતો હોય છે. આમ પિતા અને પુત્ર બન્ને એકરૂપ જ છે.

પણ આ આધ્યત્મિક અનુબૂતિ એ થયો વ્યક્તિગત સાક્ષાત્કારનો પ્રકાર. તે સાક્ષાત્કાર જીવનમાં વણીને તેને સ્થાયી કરવો એ તેના પછીનું બીજું પગલું છે. સાક્ષાત્કારને જીવનનો ભાગ બનાવવો જરૂરી છે. આ સાક્ષાત્કારને જીવનમાં વણવાનો પ્રયત્ન વસુક્ર ઋષિએ સોમયાગમાં ઈન્દ્રને આમંત્રણ ન આપી કર્યો પણ ઋષિપત્ની આ સમજી શકી નહોતી. તેની ઈચ્છા મુજબ વર્તીને ઋષિએ એ પણ દર્શાવ્યું કે તેના પોતાના સાક્ષાત્કારને તેણે અન્યનાં જીવનમાં ઠોકી ન બેસાડવો જોઈએ. દરેકની પોતાની કક્ષાનુસાર પોતાનું જીવન ઢાળવું જોઈએ. બીજું, આધ્યાત્મિક અનુભૂતિ કેટલી પણ ઉચ્ચ હોય, યોગીએ સમાજની મર્યાદાઓ સાચવીને જ જીવવું, તે યોગીને તેથી કોઈ તફાવત પડતો નથી.

---

પ્રભુ વિરોધી આસુરિક શક્તિઓના આક્રમણથી ઘેરાયેલ જગત પોતાના આધ્યાત્મિક જીવન માટે લડી રહ્યું છે.

પ્રભુ ! અમે અભીપ્સા કરીએ છીએ કે અમે તારા વીર યોદ્ધાઓ બનીએ જેથી તારો મહિમા પૃથ્વી ઉપર અભિવ્યક્ત થાય.

- શ્રી માતાજી (સંદેશ - ૧૯૪૧)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૧-૧૨
(પૃ.૧૦૦-૧૦૪)

## માયાવાદ અને નિર્વાણ
## 'દિવ્ય-જીવન'નો કેન્દ્રિય-વિચાર

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 I do not base my Yoga on the insufficient ground that the self is eternally free. P. 104
2 The question is... whether there is a Supreme who is not merely a pure undifferentiated consciousness and being, but the source and support of the dynamic energy of creation. P. 104
3 This is a question which cannot be settled by metaphysical logic... but by a spiritual experience... which enters into spiritual realities. P. 104
4 This Yoga accepts the value of cosmic existence and holds it to be a reality, its object is to enter into a higher Truth-Consciousness or Divine supramental Consciousness in which action and creation are the expression... of the Truth, the Light, the Divine Anand. P. 104
5 Only those who can accept the call to such a change should enter this Yoga, P. 105

**Chapter - 12**

1 There is possible a realistic as well as illusionist Adwaita. The philosophy of 'The Life Divine' is such a realistic Adwaita. P. 105
2 The world is a manifestation of the real and therefore is itself real. P. 105
3 The reality is the infinite and eternal Divine... eternal Being, Consciousness-force and Bliss. P. 105
4 He has hidden himself in what seems to be his opposites. P. 105
5 But this is only an appearance. P. 105
6 They have been arranged by the working of a supreme secret Intelligence. P. 105
7 (The Supreme) emerges in the world first in Matter, then in Life, then in Mind and finally as the Spirit. P. 105
8 This is what we call evolution which is an evolution of consciousness. P. 105

શ્રી અરવિન્દ કહે છે કે કોઇ પણ યોગનો પાયો અધૂરો, સંકુચિત ન જ હોવો જોઇએ. શંકરાચાર્યે આત્મતત્ત્વ સદા મુક્ત જ રહે છે એ સિદ્ધાંત માન્ય કર્યો, તેથી તેમની સામે જગત જે બંધનકારક લાગે છે તેનું સ્પષ્ટીકરણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. તેના નિરાકરણમાં માયાવાદ આગળ આવ્યો. જગતનાં બંધનનો

અનુભવ એ ભ્રમ છે. તેનું નિવારણ થતાં જ આત્માની સદા-મુક્તિ પ્રગટ થાય છે. સારાંશ, આત્મ-તત્ત્વ સદા મુક્ત હોવા છતાં તે મુક્તિ, વ્યક્ત અને અવ્યક્ત બંને અવસ્થામાં રહે છે. અવ્યક્ત અવસ્થા જ ભ્રમ છે.

પણ આની સાથે શંકરાચાર્યનો બીજો સિદ્ધાંત પણ તેવો જ અધૂરો છે. તેમના મતે પરમ-સત્ય તો અવિચળ, નિરાકાર, નિષ્ક્રિય, નિર્ગુણ, અસીમ ચેતના-સ્વરૂપ છે. તે પોતાનું સ્વરૂપ ક્યારે પણ ત્યાગતું નથી. આવો સિદ્ધાંત તેમને માયાવાદ તરફ લઈ જાય છે.

ખરેખર તો, માયાવાદ સ્વીકારવાથી જ આ બે અધૂરા સિદ્ધાંતો તેમને સ્વીકારવા પડ્યા છે. તેમણે તેનો અંતિમ ઉપાય તરીકે સત્યની વિવિધ કક્ષાઓ માન્ય કરી છે, જે વ્યવહારુ-સત્યથી શરૂ થઈને આધ્યાત્મિક અંતિમ-સત્ય સુધી વિસ્તરે છે. તો પ્રશ્ન ઊભો થાય છે - બે સત્યો વચ્ચેના વિરોધનું શું ? તેથી તેમને ફરી માયાવાદ તરફ વળવું પડે છે. આ ઉપાય પણ તાર્કિક રીતે માન્ય થતો નથી.

ખરેખર તો, આધ્યાત્મિક-સત્યો એ મનોયમ-ચેતનાથી ઊર્ધ્વ-કક્ષામાં છે તેઓ તર્કશાસ્ત્રનાં નિયમો માનતા નથી. તેમનું તર્કશાસ્ત્ર જુદા જ પ્રકારનું હોઈ શકે છે. અનુમાન કરતાં પણ શ્રેષ્ઠ જ્ઞાનની કક્ષાઓ છે એમ માન્ય કરીએ તો જ આ પ્રશ્ન હલ થાય છે.

તેથી શ્રી અરવિન્દે માયાવાદને બદલે જગતના સત્યને માન્ય કર્યું. પરમ-સત્ય નિષ્ક્રિય અને સક્રિય બંને છે એમ સ્વીકાર્યું. તેમનું સ્વરૂપ તર્કશાસ્ત્રથી સમજી શકાતું નથી પણ આધ્યાત્મિક અનુભવોથી સમજાય છે.

શંકરાચાર્યે શબ્દપ્રામાણ્ય અર્થાત્ ઋષિઓનાં આધ્યાત્મિક અનુભવોને માન્ય રાખ્યાં જ છે, છતાં તેમના સમયના વિવાદ-પદ્ધતિમાં કઠોર તર્કશાસ્ત્રથી જ કામ લેવાતું તેથી તે પદ્ધતિ સ્વીકારી છે.

પૂર્ણયોગ જગતનું વાસ્તવિક અસ્તિત્વ સ્વીકારે છે. તે પરમ-સત્યની જ અભિવ્યક્તિ છે એમ માને છે. તેને તે અભિવ્યક્તિ દ્વારા સત્ય, દિવ્યજ્ઞાન અને દિવ્ય આનંદને પ્રગટ કરવો છે એમ જણાવે છે.

આધ્યાત્મિક અનુભવો બુદ્ધિથી સમજી શકાતા નથી. તેને માટે એક આધ્યામિક સમજણશક્તિ, પ્રજ્ઞાની જરૂર છે એમ જણાવે છે.

આ યોગમાં જેને અંતરાત્માનો ઓથ મળ્યો હોય તે જ પ્રવેશી શકે છે અને અંતિમ અનુભવો સુધી પહોંચી શકે છે.

પણ શંકરાચાર્યનો માયાવાદ સાધનામાં બીજી રીતે ઉપયોગી નીવડ્યો છે. જગતનાં આકર્ષણોને નબળાં પાડી નીરવ-મનમાં પ્રવેશવા તે ખૂબ જ મદદરૂપ છે એ તેમનો જાત-અનુભવ છે, તેથી પૂર્ણયોગમાં શરૂઆતમાં માયાવાદનો આશ્રય લઈને નીરવ-મનની અવસ્થા, નિર્વાણ પ્રાપ્ત કરી લેવું હિતાવહ છે. કારણ નીરવ-મન પછી જ પૂર્ણયોગનો સાચો માર્ગ શરૂ થાય છે. અતિમનસ સાક્ષાત્કારનો માર્ગ નીરવ-મનમાંથી જ પસાર થાય છે એ હકીકત છે.

**પ્રકરણ ૧૨**

અદ્વૈતવાદના બે સ્વરૂપ છે - એક માયાવાદી અને બીજું વાસ્તવવાદી. 'દિવ્ય-જીવન' ગ્રંથમાં દર્શાવેલું તત્ત્વજ્ઞાન વાસ્તવવાદી અદ્વૈતનો છે. તેના મતે જગત ભ્રમ નથી પણ સત્ય છે. કારણ તે પરમ-સત્યનો જ આવિર્ભાવ છે. આ જે સત્ય છે તે અસીમ, સનાતન, દિવ્ય-ચેતના સ્વરૂપ છે; જેમાં અનંત ક્ષમતા છે. તે સાકાર-નિરાકાર, સક્રિય-નિષ્ક્રિય, સગુણ-નિર્ગુણ બધી જ અવસ્થામાં સ્વૈચ્છિક રીતે રહી શકે છે. તે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. તેણે જ પોતાની આત્મ-શક્તિથી આ જગત પોતાના પદાર્થમાંથી જ સર્જ્યું છે અને તેની સિવાય જગમાંકાંઈ નથી.

પણ તેણે પોતાને છુપાવી રાખેલ છે. તેણે પોતે વિવિધ વિરોધાભાસી સ્વરૂપો ધારણ કરેલાં છે, જેથી તેને આપણે ઓળખી જ શકતા નથી. પણ આ બધું ખરેખર તેની લીલા અને રમત માત્ર છે, બહારથી તેવું દર્શાવે છે.

પોતે સમગ્ર રીતે જડ પદાર્થમાં અચેતન તરીકે તિરોહિત રહ્યો છે અને પછી તેમાંથી પ્રાણી-જીવન, તે પછી મનોમય-જીવન, તે પછી આત્મા તરીકે પ્રગટ થવાનો છે. આને જ આપણે ઉત્ક્રાંતિ કહીએ છીએ. આ રીતે ઉત્ક્રાંતિ ચેતનાની છે પણ તે વિવિધ યોનિઓ સ્વરૂપે બહારથી લાગે છે. તે જ પ્રમાણે આનંદ તત્ત્વ પણ જડતાનો આનંદ, ઈન્દ્રિયજન્ય આનંદ, માનસિક-આનંદ, આત્માનંદ એમ ચડતા શ્રેણીએ પ્રગટ થઈ રહ્યો છે.

આત્મા, સત્ય પોતાના સત્-ચિત્ અને આનંદ સ્વરૂપને ધીમે ધીમે ઉત્ક્રાંતિ દ્વારા પ્રગટ કરી રહ્યું છે.

આ જ દિવ્ય-જીવન આ ગ્રંથનો મધ્યવર્તી વિચાર છે.

**આગામી ભાવિ**

શ્રી અરવિન્દ સોસાયટીની વેબસાઈટમાં મુકાયેલ ન હોવાથી આપી શકતા નથી. ક્ષમશ્વઃ - તંત્રી

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)

પ્રકરણ - ૧૪

## નૂતન - જગત

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **.....'હું' એટલે કે એનો ક્ષુદ્ર 'અહં' હોય છે એ તો પ્રકૃતિની એક બનાવટ હોય છે. પૃ.૧૨**
- **..... બહિર્મુખ ચેતના તથા કર્મને કેન્દ્રિત કરવા માટે તથા વ્યક્તિતા પ્રાપ્ત કરવા માટે બનાવવામાં આવેલી છે. પૃ.૧૨**
- **..... એ બનાવટનો અંત આવવો જરૂરી બને છે. એને સ્થાને સાધક સાચી અંતરની ચેતના અનુભવે છે.**
- **ત્રણ ગુણો વિશુદ્ધ અને સુસંસ્કૃત થાય છે..... સત્ત્વ જ્યોતિ..... રજસ્ તપનું સ્વરૂપ..... તમસ્ શમ બને છે..... પૃ.૧૩**
- **જેના અધિકારમાં સઘળું વિશ્વ છે એવી બ્રહ્માંડની ત્રણ શક્તિઓ - ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ છે. પૃ.૧૩**
- **..... વિનાશની શક્તિ જો દૂર કરવી હોય તો એનો અર્થ એ થયો કે એવી સૃષ્ટિ રચવી જોઈએ જે ક્ષીણ થાય નહિ પરંતુ ટકી રહે અને હમેશાં વિકસતી જ રહે. પૃ.૧૩**
- **..... એટલે કે સત્ય સૃષ્ટિમાં પ્રલયની - વિનાશની જરૂર વગર સતત વિકાસશીલ રહેવું એ જ નિયમ પ્રવર્તે છે. પૃ.૧૩**

માનવપ્રકૃતિની ત્રિવિધ રચના અને તેની ગતિવિધિ શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે. માનવનું બહારનું કોચલું જે મન, પ્રાણ અને શરીર એટલે કે મનોમય, પ્રાણમય અને અન્નમય ઘાટ હોય તે 'હું' અથવા તો 'અહં' તરીકે ઓળખાય છે. આ પ્રકૃતિએ માનવમાં આપેલો ઘાટ છે જેના દ્વારા પ્રકૃતિ યોગ કરતી હોય છે. આ

અહંકારના કોચલાને ભાંગી નાખવાની જરૂર છે, જેથી અંતરમાં રહેલી સાચી ચેતના પ્રગટ થઈને સભાનરીતે યોગ-સાધના પોતાના દ્વારા ચલાવે છે.

આ બાહ્ય ત્રિવિધ સ્તરોની પાછળ પણ ગીતામાં જણાવેલ છે તે મુજબ ત્રિગુણાત્મ પ્રકૃતિ કાર્ય કરતી હોય છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ અનુક્રમે મનોમય, પ્રાણમય અને અન્નમય કોચલાના - ઘાટના જ સૂક્ષ્મ સ્વરૂપો હોય સાધકની પ્રકૃતિ તે મુજબ દોરવાતી હોય છે. સાધનામાં મુખ્યત્વે સંચાલન આ ત્રણ ગુણોમાંથી જે અગ્રભાગે હોય તે મુજબ ચાલતું હોય છે.

પરંતુ બાહ્ય સ્વરૂપો - અન્નમય, પ્રાણમય અને મનોમય-ની પાછળ જતાં જ આ ત્રણેય ગુણો પણ સાચી - સત્ય ચેતનાના સ્પર્શથી જુદી જ રીતે સાધકમાં પ્રગટ થઈને સાધનામાં મદદરૂપ થવા લાગે છે. સત્ત્વગુણ જ્યોતિ એટલે કે પ્રમાણભૂત આધ્યાત્મિક જ્ઞાનજ્યોતિ બને છે. સત્ય ચેતનાના સ્પર્શથી સાધકમાં પ્રજ્ઞા (wisdom) ખીલવા માંડે છે અને તે મુજબ સાધનાનું દિવ્ય-સંચાલન બની આવે છે. સત્ત્વગુણોના વ્યાવહારિક સદ્‌ગુણો અથવા તો વિચારોની બદલે સાધક સીધેસીધા પરમ પ્રભુના જ્યોતિર્મય જ્ઞાનના સાગરમાંથી સાધનાનું સૂકાન સંભાળે છે. રજોગુણ તપસ્વરૂપ ધારણ કરી - પ્રશાંતપણે ઉત્કટ એવી કાર્ય કરનાર દિવ્ય- શક્તિ બની આવે છે. પ્રાણના નિમ્નકક્ષાના આવેગો, આવેશ, આસક્તિઓને બદલે સાધકમાં એક પ્રકારની પ્રકાશિત વિશાળતા અને પ્રશાંતિ ઉતરી આવે છે. પ્રાણ મા જગદંબાનો આજ્ઞાકારી સિંહ બનીને 'મા'ની આજ્ઞાનુસાર કાર્ય કરતો થાય છે. શક્તિ અને શાંતિ અને સંવાદમયતા સાધકમાં પ્રવેશીને સાધના કરતાં હોય છે. સાથે સાથે તમસ્ શમ બને છે એટલે કે દિવ્ય-સ્થિરતા આરામ અને શાંતિનું રૂપ તે ધારણ કરે છે. સાધનાનો ભાર લાગતો નથી. સર્વે કંઈ દિવ્ય સ્થિરતામાં જ બની રહ્યું છે અને સાધક તો જાણે એક દિવ્ય-હથિયાર બનીને પ્રભુના હાથ દ્વારા જ સર્વે કાર્ય કરતો હોય છે.

અને છતાં આ ત્રિવિધ કક્ષાઓનું મૂળ તો કંઈક જુદું જ છે. શ્રી અરવિન્દ જણાવે છે કે મૂળભૂત રીતે ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશને કારણે જ સાધનામાં જુદાં જુદાં પરિવર્તનો આવતા રહે છે અને તેથી જ તો આ પરિવર્તનોમાં સતત વિકાસશીલ રહેવું તે જ સાધનાનું મુખ્ય ધ્યેય બની આવે છે. પ્રભુના દિવ્ય-સંકલ્પને વધુ ને વધુ પૂર્ણરીતે અને સમગ્રરીતે પ્રગટ કરતં રહેવું તે જ ઉત્ક્રાંતિનો હેતુ છે અને તેથી આ કાર્યને સાતત્ય આપવા માટે વિનાશની શક્તિને દૂર કરવી જરૂરી બને છે અને એક એવી સૃષ્ટિની જરૂર પડે છે જે કોઈ દિવસ ક્ષીણ થાય નહિ અને હમેશાં વિકાસશીલ અવસ્થામાં પ્રભુના સંકલ્પાનુસાર પ્રગતિ કરતી ટકી રહે છે, જેમાં દિવ્ય-સંતુલન એક મહત્ત્વનું

અંગ હોય. આ સૃષ્ટિ એટલે જ અતિમાનસિક જગત. માતાજીના શબ્દોમાં "New Creation" આ દિવ્ય સૃષ્ટિ સત્ય સૃષ્ટિનો નિયમ છે. સાતત્યપૂર્ણરીતે દિવ્ય-વિકાસ.

In the history of our universe there have been six consecutive periods which began by a creation, were prolonged by a force of preservation and ended by a disintegration, a destruction, a return to the origin which is called Pralaya.... the seventh creation would be a progressive creation..... it has been announced that the period we are in is precisely the seventh, that is, it would not end by a Pralaya.

(The Mother's Vision. Pg.55)

It is not the consciousness which is developing it is the manifestation of consciousness which is developing its expression : it expresses itself more and more.

(The Mother's Vision. Pg. 19)

---

(પાના. ૩૪ ઉપરથી)

## ઉપનિષદોનું અમૃત

ઋક્, યજુસ, સામના ગાનથી કેવો બ્રહ્મજ્ઞાની તૈયાર થાય છે તે તમને જણાવશે.''

બ્રાહ્મણો બાલિશ ઋષિ પાસે પહોંચી ગયા.

બાલિશ ઋષિ બોલ્યાં, ''તમે રથવિદ્યાનો ઉલ્લેખ તો કઠોપનિષદમાંથી જાણો જ છો. તેમાં શરીરરૂપી રથમાં આત્મારૂપી માલિક બેઠો છે. બુદ્ધિ તેની સારથિ છે. મન લગામ, ઈન્દ્રિયો ઘોડા, જીવન એ માર્ગ છે અને કર્મ તેના પૈડાં. લોહી તેનું ઘર્ષણ ટાળનાર તેલ છે અને હાડકાં રથનું લાકડું.

આ રથનો જે માલિક છે તેને જ જાણવો જરૂરી છે. તે જીવ બ્રહ્મસ્વરૂપ જ છે. તેની સાથે જે એકરૂપ થઈને જીવન જીવે તે જ બ્રાહ્મણ કહેવાય. નૈમિષારણ્યનાં પેલા પ્રસિદ્ધ શુનકવંશી ઋષિઓનાં જ્ઞાનયજ્ઞમાં આ જ વાત મને સમજવા મળેલી.''

# વેદની શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની પદ્ધતિ

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ. ૮૨-૯૦)

પ્રકરણ -૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આવી રીતે ભાષા પાછળનું અધ્યાત્મશાસ્ત્ર અને ઉપર જણાવેલાં માનસિક વિકાસથી થતા ભાષા વિકાસના ત્રણ તબક્કારૂપ માનસશાસ્ત્રીય વિકાસ ભાષાની અભિવ્યક્તિ ક્ષમતાને વિશિષ્ટ ઘાટ આપતા હોય છે. આને કારણે હવે વૈદિક ઋષિઓએ અમુક વ્યવહારુશબ્દોને ચૈતસિક પ્રતીકો તરીકે શા માટે સ્વીકાર્યા હશે તેનો ખ્યાલ નીચેના સ્પષ્ટીકરણથી આવશે :

| ક્રમ | વૈદિક શબ્દ | ભૌતિક અર્થ | સૂચિત અર્થ | કારણ |
|---|---|---|---|---|
| ૧. | વૃક્ | શિયાળ | અદિવ્ય તત્ત્વની લુચ્ચાઈ | શિયાળની લુચ્ચાઈ |
| ૨. | ધેનુ.ગો | ગાય | પ્રકાશકિરણ | ગાયની જેમ સવારે બહાર જાય છે અને સાંજે ઘર ભેગા થાય છે માટે |
| ૩. | સોમ | ચંદ્ર | આંતરપ્રકાશ | બંને ટાઢક આપે છે. |
| ૪. | અનસ્ | અન્ન | આંતરિક સુખ | બંને સંતોષ આપે છે. |
| ૫. | અગ્નિ | દેવતા | ચૈત્યપુરુષ | બંને જીવન ટકાવી રાખે છે. |
| ૬. | મિત્ર | દોસ્ત | પ્રેમ, સંવાદિતાના દેવ | મદદરૂપ થાય છે. |
| ૭. | ભગ | છિદ્ર | દિવ્યપ્રકાશ | બંને પ્રવેશદ્વાર બને છે. |
| ૮. | વરુણ (ઉદધિ) | સમુદ્ર | વિશાળ ચેતના | વિશાળતાનું સામ્ય |
| ૯. | ઈન્દ્ર | મન (ઈન્દ્રિયો-નો રાજા) | દિવ્ય મન | વિવેકશક્તિ માટે |

| | | | |
|---|---|---|---|
| ૧૦. ઘૃત | ઘી | શ્રદ્ધા | બંને મૂળ તત્ત્વનાં સારતત્ત્વ છે. |
| ૧૧. અશ્વ | ઘોડો | પ્રાણશક્તિ | બંને વેગીલા તથા બળવાન |
| ૧૨. દાસ | ગુલામ, સેવક | આત્માના સેવક | બંને પરતંત્ર |
| ૧૩. લક્ષ્મી | ધન, દોલત | આંતર દૈવી સંપત્તિ | બંને જીવનમાં મૂલ્યવાન |
| ૧૪. અપ્સરા | સ્વર્ગની નર્તકી | દૈવી-શક્તિને વિવિધ ભાવ ભંગિમા સ્વરૂપે પ્રકટ કરતી ક્ષમતા | ભાવ ભંગિમાની સમાનતા |
| ૧૫. યજ્ઞ | હવન | સમર્પિત કર્મ | બંનેમમાં સમર્પણભાવ |
| ૧૬. વાજ | અન્ન | આંતરિક પોષણ | બંનેમાં પોષણ આપે છે. |
| ૧૭. ગંધર્વ | સ્વર્ગના વાદકો | શરીરમાં અવતરણ કરી સંવાદ રચવાની ક્ષમતા | બંને સુસંવાદિતા રચે છે. |
| ૧૮. સૂર્ય | રવિ | આંતરપ્રકાશનું કેન્દ્ર | બંને જીવનમાં પ્રકાશ આપે છે. |
| ૧૯. પૃથ્વિ | ધરતી | શરીર | બંને ભૌતિક છે માટે |
| ૨૦. પણિ | ઠગ | અદિવ્ય તત્ત્વો | બંને ફસાવે છે માટે |
| ૨૧. ઉષા | સવાર | જ્ઞાનોદય | બંને પ્રકાશને લાવે છે. |
| ૨૨. નદી | નદી | દિવ્યશક્તિનું અવતરણ | બંને પ્રવાહ સ્વરૂપ છે. |
| ૨૩. આપ, જલ | જળ | નિરાકાર ચેતના | બંને નિરાકાર છે માટે |
| ૨૪. અંતરીક્ષ | આકાશ અવકાશ | આંતરિક વિશાલતા, ચિદાકાશ | સ્થળનો આભાસ |

જેમ અવચેતન સ્વપ્ન નિર્માણ કરવામાં માનસપ્રતિમાઓનાં પ્રતીકો વાપરે છે. દા.ત. પર્વતની, ગિરિની ભાષા. વેદોમાં શરીરને 'અદ્રિ' પર્વતનું રૂપક આપ્યું છે અને પુરાણોમાં શારીરિક-ચેતનાને 'પાવર્તી'નું શરીરમાં જે નિર્માણ થાય છે તે 'ગીર્વા' અર્થાત્ ગિરા - ભાષા. અર્ણ એટલે સમુદ્ર તે 'મહત્' તત્ત્વનું પ્રતીક છે. મહત્ તત્ત્વ એટલે એવી નિરાકાર અસીમ પ્રકાશમય ચેતના જેમાં હજી પ્રભુના સંકલ્પોના કારણે કોઈ આંદોલનો રચવાની ક્ષમતા પ્રગટ થઈ નથી. તે એક શાંત સરોવર જેવી ચેતના છે. તેમાંથી જ વિચારો, ભાવો, સંકલ્પો, રૂપ-આંદોલનો પ્રગટ થાય છે તેથી સરસ્વતીને સૂક્તમાં 'મહૌઅર્ણ સરસ્વતી' કહ્યું છે. સરસ્વતી જ્ઞાનસ્વરૂપ છે, પ્રેરણાસ્વરૂપ છે, તે આવા ચેતનાના સમુદ્રમાંથી જ પ્રગટ થાય છે.

આમ ગીર્વા + અર્ણ મળીને 'ગીર્વાણ' શબ્દ બન્યો છે. મહત્ તત્ત્વથી માંડી ભાષાના પ્રાગટ્ય સુધીની ભાષા નિર્મિતિનાં વિવિધ તબક્કા તે જ 'ગીર્વાણ' કહ્યાં છે. આ બધા જ તબક્કા પ્રકાશમય ચેતનાનાં હોવાથી તેને ભારતી કહે છે. ભા એટલે પ્રભા અર્થાત્ પ્રકાશ. રતિનો અર્થ છે એકાગ્રતા. સારાંશ, આ સમગ્ર પ્રક્રિયામાં ચેતનાનો પ્રકાશ અને તેના ઉપરની એકાગ્રતા બંનેના સંયોગની જરૂર છે. ભાષા-નિર્મિતની આ આધ્યાત્મિક અથવા માનસિક પ્રક્રિયાનાં આધારે આ સમગ્ર પ્રક્રિયાના ચાર તબક્કા ગણાવેલાં છે : (૧) પરા (૨) પશ્યંતિ (૩) મધ્યમા (૪) વૈખરી

મહત્ ચેતનામાં પ્રભુના સંકલ્પમાંથી ઊઠતા આંદોલનો પ્રવેશીને તેમાં જે તે સંકલ્પ બાબતનો શબ્દાતીત અનુભવ કે અનુભૂતિ નિર્માણ કરે છે તે પરાવાણી છે. તેમાંથી બીજા તબક્કામાં માનસ પ્રતિમા રચાય છે. જે ચેતના જોય છે તે પશ્યંતીનો તબક્કો છે. તે અનુભૂતિને કારણે મનમાં જે સમજણ નિર્માણ થાય છે. (જેને અર્થ કહે છે.) તેને મનોમય શબ્દોથી મઢવામાં આવે છે તે 'મધ્યમા' તબક્કો છે. તે તબક્કામાં શબ્દો નથી એમ પણ ન કહેવાય અને વ્યક્ત શબ્દો છે એમ પણ ન કહેવાય. આ તે બંનેની મધ્યાવસ્થા હોવાથી આને 'મધ્યમા' અવસ્થા કહે છે. અંતે, કંઠમાંથી તે સૂક્ષ્મ શબ્દો શારીરિક ધ્વનિના વાઘા પહેરીને ઉચ્ચારાય છે જેથી ભૌતિક ધ્વન્યાત્મક આંદોલનો સમગ્ર જગતમાં વિખેરાઈ જાય છે તે છે વૈખરી' ભાષા.

આપણે વૈખરી ભાષાને જ  બોલેલી ભાષા ગણીએ છીએ, જ્યારે પશ્યંતિ ભાષા અને મધ્યમા ભાષાને વિચારો, ભાવો, માનસિક પ્રતિમાઓમાં જ ખપાવી દઈએ છીએ.

વેદોમાં 'પરા' ભાષાને 'વાક્' કહે છે. તે પછીના તબક્કા તેના સ્થૂલીકરણનાં હોવાથી તેને 'વાચા' કહે છે.

સારાંશ, ભાષાની નિર્મિતિ માનવી ભૌતિક શરીરમાં નથી પણ સામાન્ય મનોમય પ્રદેશની પણ ઉપર વૈશ્વિક - મનમાં છે, જે પ્રકાશમય છે તેથી શ્રી અરવિન્દ તેને 'દેવભાષા' - પ્રકાશમય ભાષા કહે છે. તે મનોમય પ્રદેશમાં જન્મે છે તેથી તેને 'સ્વર્ગની ભાષા' કહી છે. સ્વર્ગ એટલે સાત્ત્વિક મનોમય-ચેતનાનો પ્રદેશ.

ઊર્ધ્વકક્ષાએ ભાષા અને તેનો અર્થ સ્વયંસ્પષ્ટ હોય છે. તે અનુભૂતિ સિવાય અન્ય આધારોથી સમજવાનો પ્રયત્ન જ હોતો નથી. પણ જેમ જેમ મનના નીચેનાં સ્તરોમાં આ ભાષાના તબક્કા રચાય છે અને અંતે શારીરિક કક્ષામાં પ્રવેશે છે, ત્યારે પેલી જવલંત અનુભૂતિઓ જે સ્વયંપ્રકાશિત હતી, અર્થને સમજાવનારી હતી તે પાછળ રહી જાય છે અથવા વિકૃત થઇ જાય છે અને તેથી માનવને તે શબ્દનો અર્થ પોતાની મેળે સમજવો મુશ્કેલ જાય છે. ભાષામાં સ્મૃતિ, કલ્પના, પસંદગી, નાપસંદગી, પ્રકૃતિની ખાસિયતોને લીધે અશુદ્ધિ, વિકૃતિ પ્રવેશે છે.

સાચી અસ્સલ ભાષા ક્ષીણ થઈ જાય છે. તેથી અર્થ સમજવા સમાનાર્થી શબ્દો, સંદર્ભો, ઉપમા, રૂપકો વગેરે બાહ્ય ઉપાયો યોજવા પડે છે.

શુદ્ધ અસ્સલ ભાષા એ આત્માની ભાષા હતી. વિકૃત ભાષા માનવી-પ્રકૃતિની બની જાય છે, તેથી તેને 'પ્રાકૃત' ભાષાઓ કહેવામાં આવે છે. પ્રાદેશિક ભાષાઓ આવી 'પ્રાકૃત' ભાષાઓ હોય છે.

મૂળ - દેવવાણી ફરી પ્રગટાવવા જ્ઞાનીઓ પ્રયત્ન કરે છે. તેમાંથી ગૂઢ કાવ્યો રચાય છે. મર્મી-કાવ્યો રચાય છે. ઘણા સામાન્ય ભાષાને સુધારી ફરી દેવભાષા જેવી સંસ્કારી બનાવવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે, કારણ તેઓ માનસિકક્ષેત્રના ઉપરના ભાષાના જન્મસ્થાનને સ્પર્શી જ શકતા નથી તેથી તેમના આવા ભાષાકીય પ્રયત્નોને કારણે રચાયેલી ભાષાને સુધારેલી ભાષા - 'સંસ્કૃત-ભાષા' ગણવામાં

આવે છે.

વૈદિક ભાષા દેવવાણી હતી. આધુનિક સંસ્કૃત ભાષા તો સંસ્કૃત ભાષા જ છે . તે દેવવાણીના ગૂઢ અર્થો શોધી કાઢવામાં મદદરૂપ થશે, પણ તે અધૂરી જ ગણાશે.

સદ્‌ભાગ્યે દેવવાણી હતી ત્યારે પણ તેની અભિવ્યક્તિઓ પ્રાચીન જર્મન, કેલ્ટિક, તામિલ, ફારસી, એરેબિક છે. તેમાંથી થોડીક અતિપ્રાચીન છે, થોડીક પ્રાચીન, તેમનો શબ્દોની નિર્મિતિની દૃષ્ટિએ તુલનાત્મક અભ્યાસ કરવાથી આપણને દેવવાણીનાં શબ્દોની આછીપાતળી સમજણ મળવી શક્ય છે. આ પ્રકારના અભ્યાસને જ 'વ્યુત્પત્તિશાસ્ત્ર' કહે છે.

પ્રાચીન સંસ્કૃતમાં જે શરૂઆતમાં જ શબ્દો રચાયા તેમને 'ધાતુ' કહે છે, કારણ તે ચેતનાનાં સ્પંદનોને અને તેમાંથી નિર્માણ થતી સમજણને-અનુભૂતિને ધારણ કરી રહ્યાં હતાં. આવા 'ધાતુઓ'નો વિકાસ, તેના શબ્દોની અર્થછટાનો વિકાસ એ આપણી વ્યુત્પત્તિશાસ્ત્રના અભ્યાસનો મહત્ત્વનો વિષય રહેશે.

શ્રી અરવિન્દ ધાતુ કેવી રીતે વિકસે છે, તેનું એક ગૂઢ સ્પષ્ટીકરણ પંચમહાભૂતોના સિદ્ધાંતના આધારે સમજાવે છે. તેઓ કહે છે ધાતુનાં વિકાસનાં પાંચ તબક્કા છે :

**૧. શબ્દનો તબક્કો :**

મહત્–ચેતનામાં સંકલ્પોનાં આંદોલનોનો પ્રક્ષેપ. આવી રીતે ચેતનાના આંદોલનોનું વહન અને ધારણ કરવાનું માધ્યમ ચિદાકાશ (મહત્ તત્ત્વ) હોવાથી આ આકાશનો પ્રથમ તબક્કો છે.

**૨. સ્પર્શનો તબક્કો :**

આંદોલનો ચેતનાને સ્પર્શે છે અને તે ચેતનામાં આછાં વમળો નિર્માણ કરવાની શરૂઆત કરે છે. 'સ્પર્શ' આ ગુણ વાયુનો હોવાથી આ વાયુનો તબક્કો ગણાય છે.

**૩. રૂપનો તબક્કો :**

તે વમળો ચેતનામાં માનસ-પ્રતિમાઓ રચે છે, જેને 'રૂપ' (આકાર) કહે છે. આ ગુણ અગ્નિનો છે, તેથી આ અગ્નિનો તબક્કો છે.

**૪. રસનો તબક્કો :**

વ્યક્તિ ચેતના 'રૂપ' તરફ આકર્ષાઈને તેની ઉપર એકાગ્રતા નિર્માણ કરે છે. તેથી તેમાં 'રસ' નિર્માણ થાય છે. આ જળ (આપ)નો તબક્કો છે.

**૫. ગંધનો તબક્કો :**

આ રસને કારણે વ્યક્તિ-ચેતનામાં સ્મૃતિ, કલ્પનાનાં ભાવરંગો પૂરાય છે. આમ વ્યક્તિ પોતાનો વ્યક્તિનિષ્ઠ ભાગ (subjective aspect) ઉમેરી અર્થની કોઈ ખાસ છટારૂપ 'સુગંધ' રચે છે. આ પૃથ્વી તત્ત્વનો ગુણ હોવાથી આ પૃથ્વીનો તબક્કો છે.

દેવભાષા પ્રાકૃતભાષા બનવાની આ પ્રક્રિયા બની જાય છે.

તેથી શ્રી અરવિન્દ પોતાના વ્યુત્પત્તિશાસ્ત્રના અભ્યાસ માટે નીચેની રૂપરેખા આંકે છે : (૧) મૂળ દેવભાષા તરીકે શ્રી અરવિન્દ પોતા માટે જાણીતી સંસ્કૃત, ગ્રીક, લૅટિન અને તમિલ ભાષા સ્વીકારે છે. (૨) તેમાંનાં મૂળ ધાતુઓ એકબીજામાં કેવી રીતે પ્રવેશ્યા અને વિવિધ અર્થ છટા રચાઈ તેનું સ્પષ્ટીકરણ આપશે. (૩) આવા નિષ્કર્ષોના આધારે વૈદિક-સૂક્તોમાં પ્રયોજેલાં શબ્દોનો મૂળ અર્થ પકડવાનો પ્રયત્ન કરશે.

---

(પાના. નં.૩ ઉપરથી) **પ્રાર્થનાઓ અને ધ્યાન**

એવું સૂચવી રહ્યાં છે. સૂક્ષ્મ જગતમાં અથડાતી વિવિધ શક્તિઓનાં ઓઠા નીચે ખરેખર તો પ્રભુકૃપાની જ ધારાઓ વહી રહી છે. તેનો પરિણામ માનવહ્રદય ઉપર થવાનો છે. માનવો વૈશ્વિક-જીવનને મહત્ત્વ આપતા શીખવાનાં છે. આ પ્રક્રિયા વહેલી પૂરી થઈને લોકો માનવવંશના કલ્યાણ માટે પ્રેમ રાખતા શીખે છે. લોકોની સમજણ વધારે વિશાળ અને શુદ્ધ થવાની છે.

માતાજી જણાવે છે આ મહાયજ્ઞમાં પોતે પણ એક બલિદાન તરીકે જ હાજર છે. લોકોને અધ્યાત્મનું મહત્ત્વ સમજાવવામાં જ તેમનું જીવન જઈ રહ્યું છે તે સમજણ લોકોમાં વહેલી આવે જેથી લોકોએ અભાન રીતે કરેલું વૈશ્વિક જીવન માટેનું બલિદાન વ્યર્થ ન જાય.

માતાજી કહે છે કે પ્રભુ, હવે તમે પોતે જ આગળના પથદર્શક તરીકે ભૂતળે આવો.

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## સાચો બ્રાહ્મણ

પ્રકરણ-૪૦ (છાગલેય ઉપનિષદ)

સરસ્વતી નદીતીરે જ્ઞાનસત્રની સભા ચાલતી હતી. અનેક ઋષિમુનિઓ ભેગા થયાં હતાં. કવષ પણ ઋષિ હતા પણ તેમને આમંત્રણ નહોતું. કારણ તેમની માતા ઇલુષી એક દાસી હતી. કવષ ઐલુષી નારદની જેમ દાસી - પુત્ર હતાં. છતાં જિજ્ઞાસાવૃત્તિથી તેઓ નમ્રભાવે તે જ્ઞાનસત્રમાં ગયા.

બ્રાહ્મણકુળનો અભિમાન ધરાવનાર બધા બ્રાહ્મણોએ તેમનો બહિષ્કાર કર્યો. પણ કવષ ઋષિ ગાંજ્યા જાય એમ નહોતા. તેઓ શાંતિથી ઊભા થયા. બધાને નમ્રતાથી વંદન કરી બોલ્યા :

''હે બ્રાહ્મણશ્રેષ્ઠો, હું જિજ્ઞાસાવૃત્તિથી અહીં આવ્યો છું. મારી શંકાનું નિરસન કરવું એ તમારું કામ છે. મને પ્રશ્ન એ છે કે આપ જે ઋક્, યજુસ અને સામનાં પાઠ કરો છો તેમાં સર્વત્ર કોનો મહિમા ગાયો છે ?''

બ્રાહ્મણો બોલ્યા, ''તેમાં બ્રહ્મને જાણનાર જેને બ્રાહ્મણ કહેવાય તેનો જ (મુક્તપુરુષનો) મહિમા ગાયો છે.

''શું બ્રાહ્મણ સર્વસમર્થ છે ?''

''હા, તે બ્રહ્મ સાથે એકરૂપ હોવાથી સર્વસમર્થ જ છે.''

''તો આપ સહુ જીવનનિર્વાહ માટે ભિક્ષા માંગતા શા માટે ફરો છો ?''

બ્રાહ્મણો જવાબ આપી શક્યા નહિ.

''આપને જવાબ ન આવડતો હોય તો કાંઈ નહિ. મારી બીજી શંકાનું નિરસન કરો. ભૂતકાળમાં નૈમિષારણ્યમાં શુનકવંશી ઋષિઓએ ભેગા થઈ એક યજ્ઞ કરેલો. તેનું ફળ શું મળ્યું એ મારે જાણવું છે.''

બ્રાહ્મણોને જવાબ ખબર નહોતો.

''હે બ્રાહ્મણશ્રેષ્ઠો, તમારે તેનો જવાબ જાણવો હોય તો કુરુક્ષેત્રમાં વસતા બાલિશ ઋષિને જઈ મળો તે તમને સમજાવશે. તે જે સમજાવશે તે જ ખરેખર

(પાના ૨૭ ઉપર)

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## દિવ્યપૂર્ણતા

(પુસ્તિકા પૃ.૧-૬) પ્રકરણ -૧

### માનવી અને દૈવી-પૂર્ણતા

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ મનુષ્યમાં દૈવી પૂર્ણતા પ્રાપ્ત કરવી એ આપણો અંતિમ આદર્શ છે. પૃ.૧

૨ જેઓનાં મન સર્વ તત્ત્વોનો સમન્વય કરી શકે તેવાં હોય છે. તેઓ ઉપર જણાવેલાં સર્વ તત્ત્વોનો સ્વીકાર કરી ઐહિક પૂર્ણતા યાને સિદ્ધિનો સંપૂર્ણ અને સર્વદેશીય આદર્શ બાંધે છે. પૃ.૨

૩ આંતર-જીવનની પુનર્ઘટના કરવી એ આ (ભૌતિકપૂર્ણતાના) પરિવર્તન માટે અગત્યનું હોવાથી, આત્મસંયમ અને આત્મવિકાસની કોઇ પદ્ધતિને કેળવણી અને સામાજિક બંધારણ કરતાં વધારે અગત્યની ગણવામાં આવે છે. પૃ.૩

૪ બાહ્ય જીવનની પૂર્ણતાના આદર્શનું કાર્યક્ષેત્ર વર્તમાન જીવન અને તેમાં મળતી વિધવિધ તકો તથા સંજોગો છે. જ્યારે આંતરપૂર્ણતાનો આદર્શ મૃત્યુ પછી કોઇ બીજા લોકને પ્રાપ્ત કરવા માટે તૈયારી કરતો હોય એમ જણાય છે. પૃ.૩

૫ પ્રકૃતિમાં તિરોધાન થએલા દિવ્ય તત્ત્વની શોધ અને તેની સાર્થકતા પ્રત્યે વિકાસ પામતા પ્રયત્નને આપણે 'જીવન'નું નામ આપી શકીએ. પૃ.૪

૬ એ તત્ત્વ જ્યારે મનુષ્યરૂપે આવિર્ભાવ પામે છે ત્યારે આત્માનું ભાન, જ્ઞાનની - જ્યોતિ વગેરે તેનામાં ખીલે છે. પૃ.૪

૭ મન, પ્રાણ, શરીર વગેરે આપણી પ્રકૃતિનાં કરણો આત્માના વિકાસનાં સાધનો છે..... તેમની અંતિમ સાર્થકતા તેમનાથી પર જવામાં રહેલી છે.

૮ તેનાં બે કારણો છે : (૧) મન, પ્રાણ, શરીરમાં કાંઈ મનુષ્યનું સત્ય.....

**સમાઈ જતું નથી. (૨) મન, પ્રાણ, શરીરથી પર જે તત્ત્વ છે તેમાં મનુષ્યની પૂર્ણતાની ચાવી રહેલી છે. પૃ.૪**

૮ **મનથી પર જે અતિમનસ તત્ત્વ છે તે પ્રાપ્ત થતાં મન (વગેરે) પરિપૂર્ણતાને પામે છે. પૃ.૪**

૯ **પરાશક્તિના પ્રત્યક્ષ કાર્ય દ્વારા આત્માનો આવિર્ભાવ કરવાને યોગ્ય આધારરૂપ થવું એ આત્મસિદ્ધિયોગનો અંતિમ હેતુ અને મૂળ સિદ્ધાંત છે. મનુષ્યે પ્રભુમાં પોતાનું જીવન ધારણ કરવું જોઈએ અને પરમાત્માએ માનવજાતિમાં પોતાના દિવ્ય-જીવનનો આવિર્ભાવ કરવો જોઈએ. એ જ પૂર્ણયોગનો અંતિમ આદર્શ છે.**

૧૦ **ઐહિક પૂર્ણતાના આદર્શનાં સર્વે તત્ત્વોનો તેમાં પૂરેપૂરો સ્વીકાર કરવામાં આવતો હોઈ..... તેમાં રહેલ રહસ્યને બહાર લાવવામાં આવે છે. પૃ.૬**

માનવ માનસિક - આદર્શો દ્વારા આત્મવિકાસ સાધે છે. આવા અનેક આદર્શો છે..... વ્યક્તિગત અને વૈશ્વિક કક્ષાએ પણ આમાં સર્વ શ્રેષ્ઠ આદર્શ કયો છે એ ઘણાને ખબર હોતી નથી. જેમને ખબર છે તે પૈકી થોડા જ તે આદર્શોનો પૂરેપૂરો સાક્ષાત્કાર કરી શકે છે.

પણ આવા આદર્શો કાયમી માનવી - સ્વરૂપની મર્યાદાના જ હોય છે, જેને આપણે માનવીપૂર્ણતા કહીએ છીએ. પણ આવી માનવીપૂર્ણતા કરતાં પણ શ્રેષ્ઠ એવી દૈવી-પૂર્ણતા હોય છે. ખરેખર તો જીવનનો મૂળભૂત અને સર્વશ્રેષ્ઠ આદર્શ એ જ છે. તેથી માનવીપૂર્ણતા અને દૈવીપૂર્ણતા વચ્ચેનો ભેદ આપણે સમજી લેવો જરૂરી છે.

માનવીપૂર્ણતામાં એક બાહ્ય-જીવનની પૂર્ણતા હોય છે. બાહ્ય-જીવનને ધર્મમય બનાવવું એને કેટલાક બાહ્યપૂર્ણતા ગણે છે. સમાજમાં રહીને સામાજિક ફરજો અદા કરવી એને ઘણા બાહ્યપૂર્ણતા ગણે છે. વધારે  સમૃદ્ધ સંસ્કારી, પ્રેમપૂર્ણ, સુખી, સેવાભાવી જીવન જીવવું એને બાહ્યપૂર્ણતા ગણે છે. ન્યાયપૂર્ણ અને સમત્વપૂર્ણ જીવનજીવવું એને ઘણા બાહ્યપૂર્ણતા ગણે છે.

ઘણા વળી માનવીપૂર્ણતાની બાહ્યપૂર્ણતા કરતાં આંતરપૂર્ણતા ઉપર વધારે ભાર મૂકે છે. બુદ્ધિ, દૃઢ-સંકલ્પશક્તિ (જેને તપસ-શક્તિ કહે છે તે) વિવેકશક્તિ, આંતર-કરણોની ખીલવણી, ઉન્નત-નૈતિક જીવન, રસિકતા, પ્રેમ તથા લાગણીમય જીવન, શારીરિક સ્વસ્થતા, આ બધાના યોગ્ય વિકાસને આંતરિક-પૂર્ણતા કહે છે. અમુક લોકો ઉપરની ક્ષમતાઓ પૈકી એકને મહત્ત્વપૂર્ણ અને કેન્દ્રવર્તી માને છે. અન્યને તેની સહાયરૂપ. પણ સમન્વયાત્મક દૃષ્ટિકોણ બધાનાં સમતોલ વિકાસની અપેક્ષા રાખે છે.

અમુક લોકો આંતર અને બાહ્ય બન્ને પ્રકારની માનવી-પૂર્ણતાનો સમાવેશ કરી વિકસિત સુસ્કૃત માનવની કલ્પના કરે છે.

**ભ્રાતૃભાવ અર્થાત્ પ્રભુનું સ્વર્ગ:**

સામાજિક - બંધારણ અને કેળવણી કરતાં આવો આત્મવિકાસ મહત્ત્વનો છે એવું પણ માનવામાં આવે છે. આંતર-બાહ્ય જીવન વિરોધી નથી પણ તેમનો સમન્વય જરૂરી ગણ્યો છે.

માનવપૂર્ણતામાંની બાહ્યપૂર્ણતાથી ઐહિક જીવનમાં ઉન્નતિ, તકો અને યશ મળે છે. જ્યારે આંતર-પૂર્ણતાથી મૃત્યુબાદનું જીવન સુખમય બને છે એમ ધારવામાં આવે છે. ઐહિક-જીવન અને મૃત્યુબાદનું જીવન ભિન્ન હોવાથી બન્નેમાં ભિન્ન પૂર્ણતાની જરૂર જણાવે છે. સાધારણરીતે આંતરજીવન વિશુદ્ધ જીવન અને સાધુતા આપે છે. જીવન પાપથી પૂર્ણ છે તેથી જીવનમાં પ્રભુની કરુણા પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રસંમત જીવન અથવા કોઈ સંતે દર્શાવેલ જીવન-પ્રદ્ધતિ અપનાવવામાં આવે છે. આવા ધાર્મિક-જીવનમાં સામાજિક - પરિવર્તનનો પણ સમાવેશ થાય છે અને તેનો પાયો જે તે પંથ અને ધર્મ અનુસાર સમાન જીવન પદ્ધતિને કારણે જન્મેલા ભ્રાતૃભાવ સ્વરૂપનો જ હોય છે. તેમનો ભ્રાતૃભાવ તેમના પંથ અથવા ધર્મ પૂરતો મર્યાદિત હોય છે અને તે ધર્મ તેનો આધાર હોય છે. તે પ્રકારના ભ્રાતૃભાવને તેઓ પૃથ્વી ઉપરનું પ્રભુનું સામ્રાજ્ય કે પૃથ્વી ઉપરનું સ્વર્ગ કહે છે. (ક્રમશઃ)

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૫૨-૧૫૭)

પ્રકરણ - ૨૫ **અવતરણો**

# ગ્રહણશીલતામાં સુધારો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 It (resistance) is all that refuses to progress..... unfortunately the amount of resistance is much greater than the amount of receptivity. P.158

2 It (immense flood of force) is too much and produces a kind of instinctive fear in your cells..... It gushes out, spills over, because you are not able to hold it. P.158

3 You are all in a sea of tremendous vibrations, and you are not at all aware of it because you are not receptive. P.158

4 One would breathe in the consciousness, the light, the understanding, the Force, the Love and all the rest. P.158

5 Illness comes of resistance.... Do not resist the power of transformation and you will never fall ill. P.158

6 To keep quiet and concentrate, leaving the Force from above to do its work is the surest way to be cured of anything and everything. P.158

7 Call the light from above. Try to feel that the light is entering into you from the crown of your head bringing with it calm and peace. P.159

8 The important thing is to get rid of the habit, the invasion of troubling thoughts, wrong feelings, confusion of ideas, unhappy movements. P.159

9 Put your self on its (Force's) side. Which means to have faith in it, to rely upon it. P.160

10 If the mind keeps its quietude and receptivity to higher forces only, it can then easily pass on that quietude and receptivity to the body consciousness and even to the material cells of the body. P.160

11 To feel it, to open, to let it work, to observe its results, that is the first thing. It is the way to complete consciousness. P.160

આપણા શરીરમાં અવરોધો જાગતા જ હોય છે. વ્યાયામ કરવાનો કંટાળો, મોર્નિંગ-વૉક કરવાનો કંટાળો, કામ કરવાનો કંટાળો, સુસ્તી, શરીરમાં આવેલું ભારેપણું, થાક, આ બધાં સ્વરૂપો શરીરમાં જાગેલા અવરોધોનાં જ છે.

વિશ્વશક્તિઓ તો બધે જ હાજર છે અને પોતાનું નિયત કાર્ય કરવા તત્પર જ છે. આપણા શરીરના અવરોધોને ભાંગી નાખવા, શરીરમાં પ્રવેશવા તે દબાણ મૂકે છે. તે દબાણ જ આપણને બેચેની, રોગ, અસ્વસ્થતા તરીકે જણાય છે. આને કારણે આપણા શરીરના કોષોમાં એક પ્રકારનો ભય વ્યાપીને તે સંકોચાઈ જાય છે. પોતાની સહજ ક્રિયાઓ સ્થગિત કરી નાંખે છે. તેને કારણે શરીરની સંવાદિતા ભાંગી જાય છે; જે રોગ, માંદગી તરીકે પ્રગટ થાય છે. શરીર વિશ્વશક્તિઓને સહજ રીતે સ્વીકારતું નથી. વિશ્વશક્તિઓના પ્રવાહો તેમાંથી ઊભરાઈને ફરી વિશ્વ પ્રકૃતિમાં જઈ મળે છે. આ જ રોગ, ચિંતા, માંદગીનું મૂળ કારણ છે.

વિશ્વશક્તિઓ આંદોલન-સ્વરૂપે પ્રવાહિત થતી હોય છે. આપણે બધા જ વિશ્વમાં વલોવાતા વિશ્વશક્તિઓનાં આંદોલનના સમુદ્રમાં જ જીવન જીવતા હોઈએ છીએ. આ આંદોલનો બધાં જ આપણા શરીરમાં બેરોકટોક પ્રવેશે છે અને પસાર થાય છે. તેમાંથી આપણી પ્રકૃતિને અનુસાર યોગ્ય આંદોલનો જ સ્વીકારવા અન્યને નહિ એવો વિવેક કરવો જોઈએ તેનું પણ ભાન આપણને નથી અને ભાન થાય તો તે વિવેક પરિણામકારક રીતે કેવી રીતે વાપરવો તે પણ જાણતા નથી. આપણું આ અજ્ઞાન જ આપણને નડતરરૂપ છે.

જો આપણે એવા આંદોલનો જ સ્વીકારીએ જે પ્રકાશમય છે, ચેતનાનો વિકાસ કરાવે છે, જે શાંતિ, આનંદ, પ્રેમ, વિશાળતા, નિર્લેપતા, તૃપ્તિને પોષક છે તો આપણો પ્રશ્ન હલ થઈ શકે છે.

સારાંશ, વિશ્વ-શક્તિઓને આપણી જડતાને કારણે અવરોધ નિર્માણ થાય છે અને આપણામાં આંદોલનો બાબત વિવેક કરવાની ક્ષમતા નથી એ જ રોગનું મૂળકારણ છે.

આપણી ચેતનામાં નૈસર્ગિક રીતે થતી રૂપાંતરની ક્રિયાને મદદરૂપ આંદોલનોને સ્વીકારવા એ જ તંદુરસ્ત રહેવાનો ગુરુ-મંત્ર છે. રૂપાંતર માટે મદદરૂપ એટલે ચેતનાના વિકાસમાં મદદરૂપ. ચેતનાનો વિકાસ એટલે ચેતનાને વધારે વિશાળ અને નિર્લેપ રાખવાની ક્ષમતા.

તંદુરસ્તી જાળવવાની એક પદ્ધતિ છે- શાંત અને એકાગ્ર રહેવાની ટેવ પાડવી. એકાગ્રતા ચેતનાની વિશાળતા અનુભવવા માટે કરવાનો હોય છે. આકાશ સાથેની મનોમય એકરૂપતા આમાં ખૂબ જ મદદરૂપ થાય છે. આવી સ્થિતિમાં આવતા જ આપણી ગ્રહણશીલતા ખૂબ જ વધી જાય છે. ઊર્ધ્વ-શક્તિઓ આપણા સ્વરૂપમાં અવરોધ વગર પ્રવેશવાની શરૂઆત કરે છે. તે નીચે અવતરણ પામી મન, પ્રાણ, શરીરમાં સ્થિર થતી થતી અંતે શારીરિક-કોષોમાં જઈ સ્થિર થાય છે અને કોષોની સંકોચન ક્રિયાનો નાશ કરી તેમને વિશાળ ચેતનાને ધારણ કરવાની ટેવ પાડે છે. આ ક્રિયા જ આપણને તંદુરસ્તી આપે છે. રોગ નિવારણ કરે છે. આ માટે કોઈ સંકલ્પ પણ સેવવાનો હોતો નથી. ફક્ત આંતરિક યોગિકક્રિયા દ્વારા આપણી ગ્રહણીશીલતા વધારીને અસીમ ચેતનામાં સભાન અને સ્થિર રીતે જીવન ધારણ કરવાનું હોય છે. આને તંદુરસ્તી મેળવવાની આંતરિક પદ્ધતિ કહે છે.

આના જેવી જ બીજી પણ એક આંતરિક પદ્ધતિનો પ્રકાર છે. તે પણ ગ્રહણશીલતા વધારે છે. તેમાં ઊર્ધ્વમાંના પ્રકાશને સંકલ્પ અને અભીપ્સાના બળે શરીરમાં પ્રવેશવા આમંત્રણ આપવાનું છે. તે મુજબ થઈ રહ્યું છે તેમાં પૂર્ણ શ્રદ્ધા રાખવાની છે. મનની કલ્પનાશક્તિથી તેવી પ્રક્રિયા થઈ રહી છે એવું જોવાનું છે. મસ્તકના બ્રહ્મરંધ્ર મારફત સુવર્ણમય પ્રકાશ શરીરમાં પ્રવેશી સમગ્ર શરીરમાં ફેલાઈ શરીરને વીંટળાઈ વળ્યો છે. હવે શરીરના કોષોમાં ધીમે ધીમે પ્રવેશી તેના કેન્દ્રિય ભાગમાં સ્થિર થઈ રહ્યો છે તેને કારણે કોષો શાંતિ, આનંદ, વિશાળતા, તૃપ્તિનાં આંદોલનો સ્વરૂપ સંવેદનો સમગ્ર શરીરમાં ફેલાવી રહ્યાં છે. સમગ્ર શરીર શાંતિ, વિશાળતા, આનંદમાં તીવ્ર રીતે સભાન અને એકાગ્ર થઈ ગયું છે. આ આંતરિક તેજોમય ઉઘાડને કારણે શરીરની ગ્રહણશીલતા અનેક ગણી વધી ગઈ છે. આ સ્થિતિમાં જ શરીરની રોગનિવારણ શક્તિ અને તંદુરસ્તી પોતાની મેળે કાર્ય કરવા માંડે છે.

આ બન્ને આંતરિક પદ્ધતિમાં મનને ઉદ્‌વિગ્ન કરતાં વિચારોના વાવાઝોડાને કાયમી સ્વરૂપે શાંત કરી દેવાની જરૂરિયાત હોય છે. આવા વાવાઝોડા ખોટી ભાવનાઓના ઊભરા, વિચારોમાં સ્પષ્ટતા ન રહેતા ગૂંચવાઈ જવું, મનને લાગેલો ઊંડો આઘાત, આવા કારણો કારણભૂત બનતા હોય છે. શાંત, સ્થિર, પ્રસન્ન મનમાં જ વૈશ્વિકબળો પોતાનું રચનાત્મક કાર્ય કરી શકતા હોય છે. તેમનાં કાર્ય

(પૃઠ ૧૪ ઉપર)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૪૮) - પ્રકરણ-૧૮

## સત્યચેતનામાં માનવી સમજણો ખરી પડે છે

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ક્રિશ્ચિયનો અને વૈષ્ણવો ક્ષમાના તત્ત્વની બહુ પ્રસંશા કરે છે, પણ હું તો પૂછું છું કે મારે શાની ક્ષમા આપવાની છે અને કોને ?**

''માતાજી, આપણે પ્રભુ પાસે ક્ષમા માગીએ તો શું તે આપે છે ?''

''બેટા, શ્રી અરવિન્દ તેનો જ જવાબ આપી રહ્યાં છે. પ્રભુ જાણે છે કે વિશ્વમાં તેમના સિવાય કોઇ નથી. તેઓ બધું જ છે, તેઓ જ બધાં કાર્ય કરે છે. બધા પદાર્થ પોતે જ છે. હવે તે કોને ક્ષમા આપે ? પોતે પોતાને જ ને ?

આપણે પોતાને ભગવાનથી જુદા ગણીએ છીએ. ભગવાનને આપણાથી જુદા ગણીએ છીએ. ખરેખર તેમ નથી. પ્રભુના જ અંશ તરીકે આપણે પ્રભુના કાર્યમા સહભાગી થવાનું છે. આપણે એટલું જ કરી શકીએ કે પ્રભુ જે પૂર્ણ છે તે પોતાના અંશ તરફ, આપણી તરફ, તે કાર્ય માટે શક્તિનો પ્રવાહ મોકલે જેથી તેમનું કામ પૂરું થાય.

આપણે જ્યારે પ્રભુ પાસે ક્ષમા માગીએ છીએ ત્યારે આપણે પ્રભુથી વિખૂટાં પડી ગએલા હોઈએ છીએ અને તેથી પોતે નબળા પડી ગયાં છે એમ આપણને લાગે છે. આ પણ ચેતનાની એક અવસ્થા છે. પણ આ અંતિમ અવસ્થા નથી. આની ઉપર વધારે પ્રગત ચેતનાના તબક્કા છે.

ક્રિશ્ચિયનો અને વૈષ્ણવો પ્રભુ સાથેના તાદાત્મ્યને માનતા નથી, તેથી તેઓ કોઇ આપણને અન્યાય કરે તો તેને ક્ષમા આપવાનું કહે છે. પણ એક વખત તમે પ્રભુ સાથે એકરૂપ થઇ જાઓ તો પછી ક્ષમા માગવી કે આપવી એવા ભાવ રહેતા નથી. પછી રહે છે એવા ભાવ જેનાં આપણે આપણી ભૂલ સુધારી લેવા પ્રયત્ન કરીએ છીએ. કરેલી ભૂલના ખરાબ પરિણામ ન આવે તેની તકેદારી લઇએ છીએ.

વ્યવહારમાં જે મહાન ગુણો કહેવાય છે તે આધ્યાત્મિક ચેતનામાં નવો જ અર્થ

પ્રાપ્ત કરે છે. તેમનો પહેલાનો માનવી અર્થ રહેતો નથી. જે પ્રભુના મૂળ સ્વભાવને અર્થાત્ પોતાના જ આત્મતત્ત્વને પ્રગટ કરે તે ત્યાં ગુણ છે. જે તેને રોકે તે અવગુણ છે અને આમાં આપણે પ્રભુ સાથે એકરૂપ થઈને જ આ વાત અનુભવીએ છીએ. આ જ ભાવ જુઓ સૂત્ર ૨૦-૨૧માં જુદી રીતે શ્રી અરવિન્દે વ્યક્ત કર્યો છે.

**''પ્રભુએ મને માણસના હાથ વડે ફટકો માર્યો, તો શું હું એમ કહીશ કે ઓ પ્રભુ તારી ઉદ્ધતાઈ હું માફ કરું છું.''** (૨૦)

**પ્રભુએ મને એક ફટકો મારી મારું ભલું કર્યું. શું હું એમ કહીશ કે હે સર્વશક્તિમાન પ્રભુ, તે કરેલું નુકસાન અને ક્રૂરતા હું તને માફ કરું છું. પણ ફરીથી એવું ન કરીશ.''**(૨૧)

દુર્ભાગ્યની ક્ષણ આપણને આકરી લાગે છે. ખરાબ લાગે છે, આપત્તિ લાગે છે. પણ વષો વીત્યા બાદ તેને લીધે જીવનમાં જે એક શુભ વળાંક આવેલો હોય છે, તે જોતાં તે ઘટના આપણને જાણે સદ્‌ભાગ્યના રસ્તે વાળવા માટે જ નિર્માણ કરી હોય એવું લાગે છે. આપણું અજ્ઞાન અને મૂર્ખતા આપણને સ્પષ્ટ સમજાય છે. બીજું, પ્રભુ કાંઇ પોતે આવીને ફટકા મારતા નથી પણ કોઇને નિમિત્ત બનાવે છે. તે નિમિત્ત પણ પ્રભુનું જ એકરૂપ હોય છે. એ સમજાય તો પેલા નિમિત્ત બનેલા વ્યક્તિ બાબત આપણને જરા પણ ક્રોધ કે ધૃણા નહિ જન્મે. પ્રભુનું દરેક કાર્ય કલ્યાણકારી જ હોય છે એ બાબત ઉપર આપણે સાધક તરીકે નિતાંત શ્રદ્ધા રાખવી જરૂરી છે.

તેથી તેમણે પરમકૃપાથી કોઇ શિક્ષા કર્યા જેવું લાગતું હોય તો પણ તેમને માનવીભાવનાથી ક્ષમા આપવાની વાત આવતી જ નથી. તેને બદલે કૃતઘ્નતા જ વ્યકત કરવી જરૂરી છે.

પણ માનવને પોતાના દુભાગ્યનો દોષ બીજાના માથે ઢોળવાની ટેવ છે તેમ જ પ્રભુના કલ્યાણકારી પગલાંને શાશ્વત મુર્ખની જેમ વખોડવાની ટેવ છે. શ્રી અરવિન્દ પોતાના વિચાર-સૂત્ર ૨૨ માં આ જ વાત કરે છે.

**''મારા પર જ્યારે દુર્ભાગ્ય આવી પડે છે અને હું દુઃખી થાઉં છું અને તેને અનિષ્ટ ગણું છું અથવા તો મને ઈર્ષા અને નિરાશા થાય છે ત્યારે મને જણાય છે કે મારી અંદર પેલો શાશ્વત મૂર્ખ જાગૃત બન્યો છે** (૨૨)

માણસને અનેક વખત પ્રભુ કૃપાનો અનુભવ આવવા છતાં તે તેમને સમજી જ શકતો નથી.

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## જ્ઞાનીની નમ્રતા

(પૃ.૧૪૬-૧૪૭)

આઈઝેક ન્યૂટન એક મહાન વિજ્ઞાની. ૧૬૪૨માં જન્મ્યા. લાંબું આયુષ્ય ભોગવી ૧૭૨૭માં મૃત્યુ પામ્યા. ૮૫ વર્ષ જીવ્યા.

તેમણે પ્રકૃતિનો ઊંડો અભ્યાસ કરેલો. ગુરુત્વાકર્ષણનો નિયમ, સૂર્ય-ચંદ્રની સમુદ્રની ભરતી ઉપર અસર, સૂર્યપ્રકાશમાંના સપ્તરંગો વગેરે રહસ્યો તેમણે ઉકેલી બતાડ્યાં.

એક દિવસ એક સ્ત્રી તેમની પાસે આવી. તે તેમની કુશાગ્ર બુદ્ધિથી ખૂબ જ પ્રભાવિત હતી. તે બે મોઢે તેમના વખાણ કરવા લાગી. ન્યૂટને વચમાં જ તેમને રોકી બોલ્યા :

''મેડમ, પ્રકૃતિનાં રહસ્યો કેટલાં છે ?''

''અનંત''

''મેં કેટલા શોધ્યાં ?''

''ચાર - પાંચ''

''તો હું જ્ઞાની વધારે કે અજ્ઞાની ?'' થોડીવાર થોભી બોલ્યા, ''મેડમ હું તો નાનકડું બાળક છું. સત્યના સાગરમાં અનંત રત્નો છે. મેં તો સાગરકિનારેના બે ચાર છીપલાં જ વીણ્યાં છે.''

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## પુસ્તકોમાંથી માર્ગદર્શન મેળવવાની પદ્ધતિ

પ્રકરણ - ૧૯

(Lights for students - P. 108-112)

૧ શ્રી અરવિન્દનાં પુસ્તકમાંથી માર્ગદર્શન મેળવવાની પદ્ધતિ છે. શાંત થઈ જાઓ, પછી પોતાની સમસ્યા ઉપર એકાગ્ર થઈ તેના નિવારણ માટે શ્રી અરવિન્દને પ્રાર્થના કરો. પછી ધ્યાન કરી કોઇ પણ પુસ્તક ખોલો. તેમાં તમારી સમસ્યાનું નિરાકરણ હશે. આનું કારણ ઉત્તમ પુસ્તકોમાં ઉચ્ચ-શક્તિઓનાં આંદોલનો હોય છે. વિશેષતા ઉચ્ચ મનસ્તત્ત્વની. બધી જ વસ્તુઓમાં આવું હોય જ છે. દા.ત. તમારી અભીપ્સાનાં આંદોલનો પુસ્તકમાંના સંબંધિત આંદોલનોને જાગૃત કરે છે અને ઊર્ધ્વ-ચેતના તેને કારણે તમને જવાબ આપે છે. પૃ.૧૦૯

૨ શ્રી અરવિન્દનાં પુસ્તકો તેની પોતાની ચેતનાના આંદોલનોથી ભરપૂર છે. તેથી પુસ્તકના શબ્દો કરતાં તે આંદોલનો વધુ જ્ઞાન આપે છે. પૃ.૧૧૦

૩ વાંચવાની અને સમજવાની પણ એક કળા છે. તે જ તે શક્તિને સક્રિય કરી દે છે. પૃ.૧૧૦

૪ પુસ્તકોમાં શક્તિ હોય જ છે. તે શક્તિ લેખકે મૂકેલી ચેતનાની હોય છે. પૃ.૧૧૦

૫ ચેતનાને પ્રભુ સાથે જોડીને તમે જે વાંચો છો તેનો આનંદ લૂટી શકો છો. જીવનની બધી જ ક્રિયાઓ દ્વારા તેવો આનંદ મળે છે. જીવન-મધુરતાથી ભરાઇ જાય છે. (વેદોમાંનું મધુસૂક્ત અને મધુરાષ્ટક ગીત આ જ સત્ય વર્ણવે છે. પૃ.૧૧૦

૬ જગતમાંની દરેક વસ્તુ પાછળ આત્મતત્વ રહેલ છે જ. તેને લીધે ઉપરની ઘટના શક્ય બને છે. પૃ.૧૧૧

(પાના ૧૯ ઉપર)

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# દિલની સચ્ચાઈ (ચૈતસિક જાગૃતિ)

પ્રકરણ - ૨૦

(ખંડ-૨, પૃ.૮૯-૯૦) (તા.૨૬-૯-૧૯૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** જ્યાં સુધી વ્યક્તિ ઉચ્ચતર શક્તિઓને જાણતો જ ન હોય ત્યાં સુધી તે પેલી શક્તિઓ પ્રત્યે પોતાનો ઉઘાડ કેવી રીતે કરી શકે ?

**શ્રી અરવિન્દ :** મન જ્યારે કોઈ વસ્તુ જાણવા પ્રયત્ન કરે છે ત્યારે તે પોતે આંશિક - ચેતના જ હોવાથી સમગ્રજ્ઞાનને પ્રાપ્ત કરી શકતું જ નથી. તેણે બાંધેલા ખ્યાલો અર્ધસત્ય હોય છે. પણ અજ્ઞાનથી તેને પૂર્ણ સત્ય સમજી બેસે છે, તેથી તે ભૂલ કરે છે. આ થઈ તાર્કિક મનની વાત.

પ્રાણમય મન આવેગમય અને ઉગ્ર હોય છે. તે કાર્ય કરીને પછી વળતરની અપેક્ષા રાખે છે. તેથી તેનું સમર્પણ પણ અધૂરું જ રહે છે. વળી દંભી પણ હોય છે.

શારીરિક મન તો જીવન જરૂરિયાતોમાં જ ગૂંચવાએલું રહે છે. તે જડ અને અસ્પષ્ટ હોય છે.

માણસ પોતાની ત્રુટીઓ સ્વીકારીને યોગ માટે પ્રયત્ન કરે તો પણ તેની ગેરસમજો જ તેના યોગની આડે આવે છે. તેથી જ આપણે કેન્દ્રિય દિલની સચ્ચાઈ ઉપર ભાર મૂકીએ છીએ.

ચૈત્યપુરુષ કોઈ વખત દંભ કે દેખાડો કરતો નથી. તેને આંતરદર્શનની મદદ મળતી હોવાથી તેને ગેરસમજો થતી નથી. તેની સચ્ચાઈ મન, પ્રાણ, શરીરને પણ યોગ તરફ વાળે છે. તેનું સમર્પણ સાચું અને સ્વાભાવિક હોય છે, તેથી ઉચ્ચતર શક્તિઓને યોગિક કાર્ય કરવા સુગમતા સાંપડે છે અને સાધક યોગમાંની મુશ્કેલીઓ પાર કરી શકે છે.

**શિષ્ય :** સાધનાને ઉચ્ચતર શક્તિઓને સોંપી દઈ શકાય ખરી ?

**શ્રી અરવિન્દ :** જરૂર પણ તે સર્વાંગી સમર્પણ માગી લે છે. નહીં તો તે સોંપણી ફક્ત દેખાવ પૂરતી જ બની રહે છે.

# શ્રી માતાજી પુદુચેરી આગમન દિન

- હર્ષદ ઠકરાર

## ૨૪ એપ્રિલ - દર્શનદિન

આપણે સૌ જાણીએ છીએ કે ૨૪ એપ્રિલ ૧૯૨૦ના રોજ શ્રી માતાજી હંમેશને માટે પુદુચેરીમાં સ્થાયી થયા છે. શ્રી માતાજીએ શ્રી અરવિન્દની નિશ્રામાં પૂર્ણયોગની સાધના કરી છે, આ સાધના દ્વારા શ્રી માતાજીએ માનવીય જીવનની સ્થૂલ પાર્થિવ-ચેતનાને અતિમનસ ચેતનામાં રૂપાંતરિત કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આ સિદ્ધિ શ્રી માતાજીએ ફક્ત પોતાના પૂરતી વ્યક્તિગત રાખી નથી, પરંતુ વિશ્વની સ્થૂલ પાર્થિવ ચેતનાને રૂપાંતરીત કરવા માટે તેમણે ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ પૃથ્વીની ચેતનામાં અતિમનસ ચેતનાને આવિર્ભૂત કરી આપેલ છે.

૨૪ એપ્રિલ શ્રી અરવિન્દ આશ્રમ અને શ્રી અરવિન્દના તમામ ભક્તો તેમના કેન્દ્રમાં દર્શનદિન તરીકે ઉજવે છે. દર્શનદિનની ઉજવણી કેવી રીતે કરવી તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

‘‘દર્શન દિવસો સામાન્ય જ્ઞાન છે તેના કરતાં વધુ સત્ય એવા જ્ઞાનની શોધમાં પસાર કરવા.’’

- શ્રી માતાજી

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ દર્શન દિવસો એ સાધકની સત્યજ્ઞાનની શોધરૂપ બની રહેવા જોઈએ. સત્યજ્ઞાનની શોધ એટલે સાધકમાં ઘટતી ઘટના માટે જાણવાની જે કુતૂહુલવૃત્તિ છે તેને સ્થાને સત્યજ્ઞાનની જિજ્ઞાસા જાગૃત કરવી. સાધક સત્યજ્ઞાન પ્રત્યે જાગૃત થશે એટલે સત્યજ્ઞાનની મદદથી ઊર્ધ્વ ચેતનાના એક પછી એક પ્રદેશમાં પ્રવેશ કરી પ્રગતિ સાધશે.

સાધકની ઊર્ધ્વ ચેતનામાં પ્રગતિ એટલે સાધકના અસ્તિત્વનાં ત્રણેય અંગો મન, પ્રાણ અને શરીરમાં સત્યજ્ઞાનની સ્થાપના. આ સત્યજ્ઞાનની સ્થાપના કેવી

રીતે કરવી તે માટે આપણને 'દર્શન'નો સાચો અર્થ સમજવો મદદરૂપ થશે.

'દર્શન'નો સાચો અર્થ એ છે કે જગતમાં કાંઈ પણ આવિર્ભૂત થઇ રહેલું છે તે આવિર્ભાવ પાછળ રહેલ ચેતના સાથે સંપર્ક સાધીને તે ચેતનાને કોઈ પણ જ્ઞાનેન્દ્રિય દ્વારા અનુભવવી અને તે ચેતનાને અનુસંગિક, કર્મેન્દ્રિય દ્વારા અભિવ્યક્ત કરવી. 'દર્શન' એક સ્થૂલ ક્રિયા નથી પરંતુ માનવજીવનની જીવન જીવવાની અભિવ્યક્તિ છે.

'દર્શન'એ જીવન જીવવાની અભિવ્યક્તિ હોય, દર્શન જીવનના તમામ પાસાંઓ દ્વારા અભિવ્યક્ત થાય છે. એટલે 'દર્શન'નો સ્થૂલ અર્થ ફક્ત એવા સાથે જોડવાનો નથી પરંતુ જીવનની તમામ ક્રિયાઓ પછી તે જોવું, સાંભળવું, બોલવું, ખોરાક લેવો વગેરે ક્રિયાઓને તેના સાચા અર્થમાં દર્શન, શ્રવણ, મંત્રો, પ્રસાદ વગેરેમાં રૂપાંતરિત કરી આપે છે.

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ પૂર્ણયોગનો હેતુ ફક્ત દિવ્ય ચેતના સાથે અદ્વૈત સાધવાનો નથી, પરંતુ એ દિવ્ય ચેતના સાથે અદ્વૈત સાધી તે દિવ્ય ચેતનાની મદદથી આ પૃથ્વીની સ્થૂલ પ્રકૃતિરૂપે રહેલ અચિત્‌ને ચૈતન્યરૂપે પ્રગટ કરવાનું છે. અચિત્‌નું ચૈતન્યરૂપે પ્રગટ થવું એટલે માનવની અપરા પ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર.

પરા પ્રકૃતિમાં રૂપાંતર એટલે માનવ તેની અપરા પ્રકૃતિના ત્રિગુણ તમસ, રજસ અને સત્ત્વને કારણે પોતાના અહંકારમાં જીવે છે, તેના સ્થાને અહંકારનું ચૈત્યપુરુષમાં રૂપાંતર. અહંકારનું ચૈત્યપુરુષમાં રૂપાંતર એટલે માનવની અપરાપ્રકૃતિના ત્રણેય ગુણો તમસ, રજસ અને સત્ત્વનું દિવ્યતામાં રૂપાંતર.

માનવનો અહંકાર ચૈત્યપુરુષમાં રૂપાંતર પામતો હોવાથી માનવ પોતે અને પ્રભુ અલગ અસ્તિત્વ ધરાવે છે તેમાંથી મુક્ત થાય છે, અને પ્રભુ સામે અદ્વૈત અનુભવે છે.

ચૈત્યપુરુષ દ્વારા માનવ પરમ પ્રભુની દિવ્ય ચેતના સાથે અદ્વૈતતા સ્થાપી તે દિવ્ય-ચેતનાને અહીં આ પાર્થિવ જગતમાં પ્રગટ કરી આપે છે. આ પાર્થિવ જગતનું દિવ્ય-ચેતનાનું પ્રગટ થવું એટલે ઉપનિષદની જે ઋચા જે ફક્ત શબ્દોરૂપે હતી તે વાસ્તવિકરૂપે પ્રગટ થવી અને અભિવ્યક્ત થવી. ઉપનિષદની આ ઋચા છે,

असतो मा सद्गमय।
तमसो मा ज्योतिर्गमय।
मृत्योर्माश्चमृतं गमय।।
ॐ शान्तिः शान्तिः शान्तिः
(बृहदारण्यक उपनिषद्

तथास्तु

– श्री अरविन्द ः

From the non-being to true being,
from the darkness to the Light,
from death to Immortality.
OM Peace ! Peace ! Peace !
(Upanishad)

So be it.

- Sri Aurobindo


ઉપનિષદની મૂળ ઋચામાં તથાઅસ્તુ શબ્દ નથી, પરંતુ શ્રી અરવિન્દે મૂળ ઋચાની નીચે 'તથાસ્તુ' લખીને તે ઋચા વાસ્તવિક સ્વરૂપે પ્રગટ થશે તેવી મહોર મારી આપેલ છે.

શ્રી માતાજીએ શ્રી અરવિન્દની મદદથી આ મહોરને પૃથ્વીની પાર્થિવ ચેતનામાં અતિમનસ ચેતનાને આવિર્ભૂત કરી આપેલ છે. અતિમનસ ચેતનાના આર્વિભાવ બાદ આ જગતમાં માનવજીવનની ભૌતિક ક્ષેત્રમાં તેમ જ મનોમય જગતમાં માનવના આઈ.ક્યુ.રૂપે જે વિકાસ થઈ રહ્યો છે, વૃદ્ધિ થઈ રહી છે તેના આપણે સૌ સાક્ષી છીએ.

આપણે સૌ અનુભવીએ છીએ કે આ જગતમાં ભૂતકાળમાં જે સાધકોની કલ્પના પણ ન હતી તેવા આ સાધનો અત્યારે અસ્તિત્વ ધરાવે છે જેમ કે મોબાઈલ, ફોન, કોમ્પ્યુટર વગેરે. મેડિકલ સાયન્સની પ્રગતિ અને અન્ય વિજ્ઞાનની પ્રગતિ તે માનવમાં અજ્ઞાનરૂપી અંધકાર સામેજ્ઞાનરૂપી પ્રકાશની અભિવ્યક્તિ છે.

ઉપનિષદમાં અમરતાનો ઉલ્લેખ છે તે અમરતા સ્વરૂપની નથી પરંતુ અમરતાનો અર્થ દિવ્યજ્ઞાન, દિવ્યપ્રેમ, દિવ્ય આનંદનું સ્થાયીપણું દર્શાવે છે. એટલે આ જીવન તેના મૂળ સ્વરૂપ બ્રહ્મરૂપે સત્, ચિત્, આનંદ સ્વરૂપે પ્રગટ થશે.

(પાના ૧૧ ઉપર)



# શ્રી અરવિંદ

A prayer, a master act, a king idea
Can link man's strength to a transcendent Force.

Savitri B-1, C-2, P-19-20

## પરમતત્ત્વનો સ્પર્શ

ભાવાનુવાદ

તે દિવ્ય-ઉગમનો સંપર્ક થાએ, વિવિધ દિવ્ય ઘટના વતિ,
સાચદિલની પ્રાર્થના, ને અર્તભાવ પ્રભુ પ્રતિ.
પૂર્ણ સમર્પિત નિમિત્તાભાવે, કાર્ય કરે કરણ બની,
કે સાધનાની કોઈ યુક્તિ જાણી, અતુસરીને તે સ્થિર કરી.
આ બધાં જ સીધા મૂકે, પરાત્પર-શક્તિના સંપર્કમાં,
તીવ્ર વહેણનો ધોધ છૂટે, આ ક્ષુદ્ર-જીવનનાં ગર્તમાં.
મુશ્કેલીઓ, નબળાઈઓ, ત્રુટિ સર્વે અશુદ્ધિની,
એક સાથે ફેંકાઈ જાએ, સ્વરૂપની હદપાર થતી.

## મહાકાળેશ્વર (ઉજ્જૈન - મધ્યપ્રદેશ)



જીવનહેતુ પ્રભુ રૂપ થવું, ને પ્રભુકાર્ય પણ કરતા જવું,
તે માટે પ્રભુ - સંકલ્પનું, જ્ઞાન ધારણ કરતો રહું.
મળે તેમાંથી પ્રેરણા, શક્તિ સાધાનને સાથે,
એ અનુભવ નક્કર રહ્યો, એ અનુભવી લોકોની વાત.
વિપરીત કાળે પણ સ્વધર્મને, ન સ્વકર્મ ત્યાગ કરે,
કાળનો પ્રવાહ પલટતો, જો મહાકાળની આશિષ ધરે.
કાળ વિભાજીત ત્રિકાળમાં, ક્રમે પસાર થાય,
તે કાળ માનવી ગણ્યો, સંકુચિત ચેતને જ જણાય.
સનાતનકાળ અખંડ છે, જે અખંડ ચેતને અનુભવાય,
તેને અકાળ, મહાકાળ કહે, અથવા કાલાતીત ગણાય.
તે ચેતને આરુઢ બને, તે મહાકાળનું દયાન,
વિપરીત સંજોગે ઉગારતો, માતૃખોળે બાળક સમાન.


ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો

સહજ સત્સંગ માસિક www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

પુસ્તકો www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**